ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્ર
ક્રમાંક : જીસીઈઆરટી/C&E/2024/9862-63, તા. 18/04/2024

# આનંદદાયી

# ગણિત

## ધોરણ - ૧

### પ્રતિજ્ઞાપત્રક

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક

राष्ट्रीय शैक्षिक अनुसंधान और प्रशिक्षण परिषद्
NATIONAL COUNCIL OF EDUCATIONAL RESEARCH AND TRAINING

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ,
'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર - 382010

© NCERT નવી દિલ્લી તથા ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક NCERT, નવી દિલ્લી તથા ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં NCERT, નવી દિલ્લી અને ગુજરાત રાજ્ય શાળા પાઠ્યરપુસ્તક મંડળની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**સંયોજન**
શ્રી આશિષ એચ. બોરીસાગર
(ઍકેડેમિક સેક્રેટરી)

**નિર્માણ-આયોજન**
ડૉ. કમલેશ એન. પરમાર
(નાયબ-નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી મનીષ એચ. બધેકા
(નાયબ-નિયામક : ઉત્પાદન)

**વિતરણ-આયોજન**
શ્રી હર્ષદ એચ. ચૌધરી
(નાયબ-નિયામક : વહીવટ-વિતરણ)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય સ્તરે સમાન અભ્યાસક્રમ રાખવાની સરકારશ્રીની નીતિના અનુસંધાને ગુજરાત સરકાર તથા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા તા. 19-7-2017ના ઠરાવ ક્રમાંક જશભ/1217/ સિંગલ ફાઇલ-62/ન થી શાળા કક્ષાએ NCERTનાં પાઠ્યપુસ્તકોનો સીધો જ અમલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

વર્ષ 2023થી NCERT, નવી દિલ્લીએ **ધોરણ ૧ ગણિત**નું નવું પાઠ્યપુસ્તક તૈયાર કર્યું છે. આ અનુસંધાને જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગરના પત્રક્રમાંક : જીસીઇઆરટી/C&E-4/2023-24/ 36530-33, તા. 8-12-2023 દ્વારા આ પાઠ્યપુસ્તકમાં ગુજરાત સ્પેસિફિક ફેરફાર કરીને તૈયાર કરવાની સૂચના આપવામાં આવી.

જી.સી.ઇ.આર.ટી.ની ઉક્ત સૂચના અનુસાર NCERT દ્વારા તૈયાર કરવામાં આવેલા ધોરણ-૧ ગણિતના ગુજરાતી અનુવાદિત પાઠ્યુપસ્તકની નિષ્ણાતો દ્વારા સમીક્ષા કરાવવામાં આવી અને નિષ્ણાતોનાં સૂચનો અનુસાર જરૂરી ફેરફાર કરીને આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ કામગીરી માટે **શ્રી જયકૃષ્ણ એન. ભટ્ટ, ડૉ. સંજય પટેલ, શ્રી પરિમલ એ. પટેલ, ડૉ. રાધાબહેન બી. યાદવ, શ્રી સોનુબહેન જી. ગોહેલ, શ્રી મનહરકુમાર જે. સોલંકી, શ્રી સોનલબહેન ડી. પટેલ**ની સેવાઓ મંડળને મળી છે.

આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં મંડળ આનંદની લાગણી અનુભવે છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળ દ્વારા પૂરતી કાળજી લેવામાં આવી છે, તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

NCERT, નવી દિલ્લીના સહકાર બદલ તેમના આભારી છીએ.

| | |
|---|---|
| **વિનયગિરિ ગોસાઈ** | **ડૉ. વિનોદ રામચંદ્ર રાવ** |
| નિયામક | કાર્યવાહક પ્રમુખ |
| તા. ૧૯-૩-૨૦૨૪ | ગાંધીનગર |

પ્રથમ આવૃત્તિ : ૨૦૨૪
**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી વિનયગિરિ ગોસાઈ, નિયામક
**મુદ્રક :**

# પ્રસ્તાવના

બાળકોનાં સૌથી શરૂઆતનાં વર્ષોમાં તેમના સર્વગ્રાહી વિકાસને પોષવાની ભારતમાં એક સમૃદ્ધ પરંપરા રહી છે. આ પરંપરા નજીકના કુટુંબ, વિસ્તૃત કુટુંબ, સમુદાય દ્વારા સંભાળ તથા શિક્ષણની ઔપચારિક સંસ્થાઓ માટે પૂરક ભૂમિકાઓ નિભાવે છે. બાળકના જીવનનાં પ્રથમ આઠ વર્ષોમાં આ સર્વગ્રાહી અભિગમ - જેમાં પેઢી દર પેઢીથી સંચિત સંસ્કારોનો સમાવેશ થાય છે - જે બાળકના વિકાસ, આરોગ્ય, વર્તન અને જ્ઞાનાત્મક ક્ષમતાઓના દરેક પાસા પર પાછળનાં વર્ષોમાં નિર્ણાયક અને સકારાત્મક પ્રભાવ પાડે છે.

બાળકના આજીવન વિકાસમાં શરૂઆતનાં વર્ષોના મહત્ત્વને ધ્યાનમાં રાખીને, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦(એનઈપી ૨૦૨૦) એ ૫+૩+૩+૪ મુજબ અભ્યાસક્રમ અને શૈક્ષણિક માળખાની કલ્પના કરી હતી, જે ૩ થી ૮ વર્ષની વયનાં પ્રથમ પાંચ વર્ષ દરમિયાન દેશમાં ઔપચારિક શિક્ષણ અને બાળસંભાળ પર ખૂબ જ જરૂરી ધ્યાન કેન્દ્રિત કરે છે અને તેને 'પાયાનો તબક્કો' નામ આપે છે. ધોરણ ૧ અને ૨ આ પાયાના તબક્કાનો અભિન્ન ભાગ છે, જેમાં ૩ થી ૬ વર્ષ સુધી બાળવાટિકામાં બાળકના સર્વાંગી વિકાસની કાળજી લેવામાં આવે છે. એક વ્યક્તિના આજીવન શિક્ષણ, સામાજિક અને સંવેદનાત્મક વર્તણૂક અને સરેરાશ આરોગ્યનો આધાર આ નિર્ણાયક પાયાના તબક્કા દરમિયાન પ્રાપ્ત થયેલા અનુભવો પર રહેલો છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં આ તબક્કા માટે ખાસ કરીને રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું વિકસાવવાની ભલામણ કરવામાં આવી હતી, જે બાળકોનાં પ્રારંભિક વર્ષોમાં ઉચ્ચ-ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવા માટે સમગ્ર શિક્ષણ પ્રણાલીને વ્યાપકપણે માર્ગદર્શન આપશે. તે રીતે આ ગતિને શાળાશિક્ષણ પછીના બીજા તબક્કાઓ તરફ આગળ ધપાવે છે. એનઈપી-૨૦૨૦ હેઠળ જાહેર કરાયેલા સિદ્ધાંતો અને ઉદ્દેશો પર આધારિત - તેમજ વિવિધ શાખાઓ (જ્ઞાનતંતુ વિજ્ઞાન (ન્યૂરો સાયન્સ) અને પ્રારંભિક બાળપણના શિક્ષણ સહિત)ના



સંશોધન પર આધારિત, અનુભવો અને સંચિત જ્ઞાન પર તથા આપણા રાષ્ટ્રની આકાંક્ષાઓ અને લક્ષ્યો પર આધારિત, પાયાના તબક્કાનું રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (એન.સી.એફ-એફએસ) વિકસાવવામાં આવ્યું હતું અને તેનું વિમોચન ૨૨મી ઑક્ટોબર, ૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, એનસીએફ-એફએસના અભ્યાસક્રમના અભિગમને જીવંત બનાવવા માટે પાઠયપુસ્તકો વિકસાવવામાં આવ્યાં છે. આ પાઠયપુસ્તકો વર્ગખંડમાં તેમના શિક્ષણ અને પરિવાર તથા સમુદાયમાં નોંધપાત્ર શિક્ષણ સંસાધનોને માન્યતા આપીને બાળકોના વાસ્તવિક જીવન સાથે જોડાવાનો પ્રયાસ કરે છે.

એનસીએફ-એફએસનો અભિગમ પંચકોશીય વિકાસ (માનવ-વ્યક્તિત્વનાં પાંચ આવરણનો વિકાસ) સાથે પણ સુમેળ સાધે છે, જે તૈત્તિરીય ઉપનિષદમાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. એનસીએફ-એફએસ શિક્ષણનાં પાંચ ક્ષેત્રો જેવાં કે; ભૌતિક અને ગતિશીલ, સામાજિક-ભાવનાત્મક, જ્ઞાનાત્મક, ભાષા અને સાક્ષરતા, સાંસ્કૃતિક અને સૌંદર્યલક્ષી જે પંચકોશની ભારતીય પરંપરા સાથે જોડે છે. જેમાં પાંચ કોશ એટલે કે અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમયનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, તે બાળકના ઘરના અનુભવોને જ્ઞાન, કુશળતા અને વલણો સાથે સંકલિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેને શાળાના પરિસરમાં વિકસિત કરવામાં આવશે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકમાં સરળ, રસપ્રદ અને આકર્ષક રીતે યોગ્યતા-આધારિત સામગ્રીનો સમાવેશ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પાઠ અને ચિત્રોની પ્રસ્તુતિ દ્વારા અનેક રૂઢિપ્રયોગોને તોડીને તેને સમાવિષ્ટ અને પ્રગતિશીલ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. બાળકનો સ્થાનિક સંદર્ભ, જેમાં ભારતની પરંપરાઓ, સંસ્કૃતિ, ભાષાનો ઉપયોગ અને મૂળ સંદર્ભોનો સમાવેશ થાય છે અને તે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં કેન્દ્રસ્થાને છે, જે પુસ્તકમાં પ્રતિબિંબિત થાય છે. આ પુસ્તકને બાળક માટે આકર્ષક અને આનંદકારક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પુસ્તક કલા અને હસ્તકલાને એકીકૃત કરે છે જેથી બાળકોને આવી પ્રવૃત્તિઓમાં રહેલી સૌંદર્યલક્ષી ભાવનાની પ્રશંસા કરવામાં મદદ મળે. આ પાઠ્યપુસ્તક બાળકોને તેમના પોતાના સંદર્ભોમાં, તેમની સાથે સંબંધિત અંતર્ગત ધારણાઓને સમજવા માટે પરિસ્થિતિજન્ય જાગૃતિ પ્રદાન કરે છે. વિષયવસ્તુની દૃષ્ટિએ સરળ હોવા છતાં, આ પાઠ્યપુસ્તક વિવિધ પ્રકારના અનુભવો પ્રદાન કરે છે અને રમકડાં, રમતો અને અન્ય વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા શીખવાની રમત આધારિત પદ્ધતિઓને સંકલિત કરે છે. તેમાં એવા



પ્રશ્નોનો સમાવેશ થાય છે જે બાળકોને ગંભીર વિચારસરણી અને સમસ્યાના નિરાકરણની ક્ષમતાઓ વિકસાવવામાં મદદ કરશે. તદુપરાંત, આ પાઠ્યપુસ્તકમાં સમૃદ્ધ વિષયવસ્તુ અને પ્રવૃત્તિઓ છે જે બાળકોને આપણા પર્યાવરણ પ્રત્યે જરૂરી સંવેદનશીલતા વિકસાવવામાં મદદ કરે છે. તે આપણાં રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો વિશેની સમજને એનઈપી ૨૦૨૦ની ભલામણો અનુસાર વિકસિત કરી શકે તેવાં સંસ્કરણોમાં સ્થાનિક પરિપ્રેક્ષ્ય સાથે સામગ્રી ઉમેરવા/સ્વીકારવા માટે પર્યાપ્ત અવકાશ પણ પ્રદાન કરે છે.

એનસીઈઆરટી પાયાના તબક્કા માટે અભ્યાસક્રમ અને શીખવાની-શીખવવાની સામગ્રી વિકસાવવા માટે રચાયેલી સમિતિ દ્વારા કરવામાં આવેલી સખત મહેનતની પ્રશંસા કરે છે. હું આ સમિતિના અધ્યક્ષ પ્રોફેસર શશિકલા વંજારી અને અન્ય તમામ સભ્યોનો, આ કાર્યને સમયસર અને આટલી પ્રશંસનીય રીતે પૂર્ણ કરવા બદલ આભાર માનું છું. હું તે તમામ સંસ્થાઓનો પણ આભારી છું કે જેમણે આ કાર્યને શક્ય બનાવવામાં ઉદારતાથી મદદ કરી છે. હું ખાસ કરીને રાષ્ટ્રીય સંચાલન સમિતિના અધ્યક્ષ ડો. કે. કસ્તુરીરંગન અને તેના અન્ય સભ્યો તથા મેન્ડેટ ગ્રુપના અધ્યક્ષ પ્રોફેસર મંજુલ ભાર્ગવ સહિત તેના અન્ય સભ્યો અને સમીક્ષા સમિતિના સભ્યોનો પણ, સમયસર અને મૂલ્યવાન સૂચનો કરવાં બદલ આભારી છું.

ભારતમાં શાળા શિક્ષણમાં સુધારો કરવા અને તે વિકસિત થતી તમામ શીખવાની-શીખવવાની સામગ્રીની ગુણવત્તામાં સતત સુધારો કરવા માટે એક પ્રતિબદ્ધ સંસ્થા તરીકે, એનસીઈઆરટી આ પાઠ્યપુસ્તકમાં વધુ સુધારો કરવા માટે તેના તમામ હિતધારકોની ટીકાત્મક ટિપ્પણીઓ અને સૂચનોની રાહ જુએ છે.

પ્રોફેસર દિનેશ પ્રસાદ સકલાની
નિયામક
રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ

૨૭મી જાન્યુઆરી, ૨૦૨૩
નવી દિલ્લી

# પુસ્તક વિશે

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ એ મૂળભૂત સાક્ષરતા અને સંખ્યા પર ભાર મૂકતાં, બાળકોના પ્રારંભિક વિકાસની ઉંમર (૩-૮ વર્ષ) દરમિયાન શીખવાનો મજબૂત પાયો વિકસાવવાના મહત્ત્વને માન્યતા આપી છે. બાળકોના સર્વગ્રાહી વિકાસની નીતિના પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખીને, પાયાના તબક્કાનું રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું-૨૦૨૦ (એનસીએફ-એફએસ-૨૦૨૨) એ શારીરિક, સામાજિક-ભાવનાત્મક-નૈતિક, જ્ઞાનાત્મક, ભાષા અને સાક્ષરતા, સૌંદર્યલક્ષી અને સાંસ્કૃતિક અને સકારાત્મક શીખવાની ટેવો જેવાં વિકાસલક્ષી ક્ષેત્રો સાથે સુસંગત અભ્યાસક્રમનાં લક્ષ્યો, ક્ષમતાઓ અને શીખવાનાં પરિણામોની ભલામણ કરી છે. આના અનુવર્તનમાં, એનસીઈઆરટી દ્વારા વિકસિત પાયાના તબક્કા માટેના અભ્યાસક્રમમાં જ્ઞાનાત્મક ક્ષેત્ર હેઠળ ગણિત અને આંકડાકીય માહિતીનો સમાવેશ થાય છે, જેમાં પાઠ્યપુસ્તકો સહિત ગણિત માટે શીખવાની-શીખવવાની સામગ્રી વિકસિત કરતી વખતે અન્ય તમામ ક્ષેત્રોના સંકલન પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

'આનંદદાયી ગણિત' તરીકે ઓળખાતા ધોરણ-૧ના ગણિતના હાલના પાઠ્યપુસ્તકને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦, એનસીએફ-એફએસ-૨૦૨૨ અને પાયાના તબક્કા માટેના અભ્યાસક્રમની ભલામણોને ધ્યાનમાં રાખીને ડિઝાઇન કરવામાં આવ્યું છે. જો કે, એવું માની શકાય કે ધોરણ-૧માં પ્રવેશતા બાળકને બાળવાટિકા ૧ થી ૩ (ઉંમર ૩-૬ વર્ષ)ના રૂપમાં ત્રણ વર્ષનો શીખવાનો અનુભવ હોય છે. તેમ છતાં, આપણા દેશમાં વિવિધતાને ધ્યાનમાં રાખીને, એવાં બાળકો હોઈ શકે છે જેમને સંખ્યાત્મક જ્ઞાનનો અનુભવ ધોરણ-૧માં પહેલીવાર મળશે. આ પાઠ્યપુસ્તકમાં આવી પરિસ્થિતિઓનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે.

આ તબક્કે બાળકો રમકડાં અને રમતોનો મુક્ત આનંદ માણે છે. તેથી વિવિધ ગાણિતિક વિચારો, જેવા કે સ્થાનિક સમજ, સંખ્યાત્મક જ્ઞાન, ગાણિતિક અને સંગણકીય વિચારસરણી વગેરે વિકસાવતી વખતે પ્રવૃત્તિઓમાં રમત-રમતમાં શીખવાની પુષ્કળ તકોનો સમાવેશ કરવામાં આવે છે. આનાથી બાળકને મૂર્તમાંથી ચિત્રમાં સરળ સંક્રમણ કરવામાં મદદ મળે છે અને દરેક નવી વિભાવના અથવા ક્ષમતા રજૂ કરવામાં આવે છે જેના માટે અમૂર્ત તર્ક આપવામાં આવે છે.

ધોરણ-૧ માટે આનંદદાયી ગણિતમાં ઘણી બધી પ્રવૃત્તિઓ છે, જે વર્ગખંડની અંદર અને બહાર હાથ ધરવામાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે, જે સર્વગ્રાહી વિકાસ માટે પ્રાયોગિક શિક્ષણના

ઉદ્દેશને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. બધાં જ પ્રકરણોમાં, ગાણિતિક સમજનું નિર્માણ રમત-આધારિત પ્રવૃત્તિઓ દ્વારા કરવામાં આવ્યું છે. આ પાઠ્યપુસ્તકમાં બાળકોને બળપૂર્વક ગણિત શીખવાની ફરજ પાડવાને બદલે તેઓ રમી રહ્યાં છે અને ગણિત શીખી રહ્યાં છે તેવી લાગણી પ્રદાન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ભાષાઓના શિક્ષણ અને વય-યોગ્ય શારીરિક અને માનસિક વિકાસને પુસ્તક સાથે સંકલિત કરવામાં આવ્યો છે, કારણ કે ગણિતનું શિક્ષણ એકલતામાં થતું નથી. આ પુસ્તકમાં માતા-પિતા, શિક્ષકો અથવા મોટાં ભાઈ-બહેન જેવાં અન્ય સંબંધિત લોકોને વિચારપ્રેરક પ્રશ્નો, વાર્તાઓ, કવિતાઓ વગેરે દ્વારા બાળકો સાથે સ્વસ્થ ચર્ચા કરવા અંગે સૂચનો આપવામાં આવ્યાં છે.

બાળકોમાં આ તબક્કે શબ્દો વાંચવાની વિભિન્ન ક્ષમતાઓને ધ્યાનમાં રાખીને વિવિધ ગાણિતિક વિચારોને સ્વ-વ્યાખ્યાત્મક અને સંદર્ભિત ચિત્રો દ્વારા રજૂ કરવામાં આવ્યા છે. તદુપરાંત, આવાં ચિત્રો અને દાખલાઓ બાળકોને તેમની દૃષ્ટિ અને વાંચન-સમજણ વધારવામાં પણ મદદ કરે છે.

આ પુસ્તકને પાઠ્યપુસ્તકની સાથે સાથે અભ્યાસ પુસ્તક તરીકે ડિઝાઇન કરવામાં આવ્યું છે, જેમાં બાળકો માટે ચિત્રો દોરવાં, તેમને રંગીન બનાવવાં અને યોગ્ય રીતે લખવાની તકો પૂરી પાડવામાં આવી છે. બાળકો સાથેની મૌખિક ચર્ચાઓને તમામ પ્રકરણોમાં સમાવેશ કરવામાં આવી છે, જેથી તેઓને તેમની વિચારપ્રક્રિયાને મૌખિક રીતે અભિવ્યક્ત કરવામાં મદદ મળી શકે. આ પદ્ધતિ શિક્ષકોને સતત બિન-જોખમી રીતે શિક્ષણનું મૂલ્યાંકન કરવામાં પણ મદદ કરશે. પ્રશ્નો અને પ્રવૃત્તિઓના રૂપમાં વિચારપ્રેરક અભ્યાસકાર્યો આ પાઠયપુસ્તકમાં આપવામાં આવ્યા છે. શિક્ષકો અને માતાપિતા પાસે એવી પણ અપેક્ષા રાખવામાં આવે છે કે બાળકોના વધુ લક્ષિત કૌશલ્યમહાવરા માટે તેઓ સમાન પ્રશ્નો વિકસાવશે. પાઠ્યપુસ્તકનો નાવીન્યપૂર્ણ ઉપયોગ માતાપિતા અને શિક્ષકો પર આધારિત છે અને તે ધોરણ-૧નાં બાળકોમાં ગણિતનું આનંદદાયી શિક્ષણ સુનિશ્ચિત કરશે.

આ પુસ્તકમાં પ્રવૃત્તિઓ, વર્ણનાત્મક પ્રશ્નો (એકથી વધુ જવાબવાળા પ્રશ્નો), સંશોધન અને ચર્ચા દ્વારા તાર્કિક વિચારસરણી, વિશ્લેષણાત્મક કૌશલ્યો, ગાણિતિક સંચાર અને ૨૧મી સદીનાં કૌશલ્યોનું સિંચન કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ પ્રકરણોને વૈચારિક સમજણ, પ્રક્રિયાગત પ્રવાહિતા, અનુકૂલનશીલ તર્ક અને ગણિત પ્રત્યે સકારાત્મક અભિગમ ઉમેરીને ગાણિતિક નિપુણતાની શરૂઆત તરીકે તૈયાર કરવામાં આવ્યાં છે.

ધોરણ-૧ માટેના આનંદદાયી ગણિતમાં સામગ્રી એનસીએફ-એફએસ-૨૦૨૨માં ઉલ્લેખિત ચાર વિભાગો પર આધારિત છે. મૌખિક ગણિતની ચર્ચા, કૌશલ્ય શિક્ષણ, કૌશલ્ય અભ્યાસ અને ગણિતની

રમતોને તમામ પ્રકરણોમાં સમાવવામાં આવી છે. તેમાંના મોટા ભાગને સંકલિત રીતે રજૂ કરવામાં આવ્યા છે. જો કે, નીચેનાં પ્રકરણો માત્ર જથ્થા, આકાર અને માપદંડો દ્વારા વિશ્વને ઓળખવા માટે ગાણિતિક સમજણ અને ક્ષમતાઓ વિકસાવવાના અભ્યાસક્રમના ધ્યેય (સીજી-૮) સાથે ફક્ત સુસંગત જ નથી, પરંતુ એનસીએફ-એફએસ-૨૦૨૨ માં આપેલાં અન્ય તમામ અભ્યાસક્રમનાં લક્ષ્યો અને સર્વગ્રાહી વિકાસ તરફ દોરી જતા અભ્યાસક્રમમાં પણ છે.

**મૌખિક ગણિતની ચર્ચા :** આમાં નીચે જણાવ્યા મુજબની કવિતાઓ, ચિત્રવાર્તાઓ અને પ્રવૃત્તિઓ દ્વારા ગાણિતિક વિભાવનાઓ પરની ચર્ચાનો સમાવેશ થાય છે:

- ગાણિતિક કવિતાઓ જેવી કે, પ્રકરણ ૧માં 'મારી વહાલી બિલાડી શોધીએ!' અને 'છુક -છુક કરતી ગાડી ચાલી!', પ્રકરણ ૫માં 'પાંચ નાનાં બાળકો' અને પરિચય માટે ચિત્ર-વાર્તાઓ, ધારણાઓ, અભ્યાસ અને મૂલ્યાંકનનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમ કે, પ્રકરણ ૨માં 'સમજદાર દાદી', પ્રકરણ ૩માં 'કેરીની મિજબાની', પ્રકરણ ૪માં 'અદૃશ્ય થતાં બટનો', પ્રકરણ ૫માં 'દાદાજી સાથે સફર', પ્રકરણ ૯માં 'તહેવાર', પ્રકરણ ૧૦માં 'મારી દિનચર્યા', વગેરે.
- **કૌશલ્ય-શિક્ષણ :** તમામ પ્રકરણોમાં એવી પ્રવૃત્તિઓ હોય છે જે બાળક એકલું, જૂથમાં અથવા વડીલો (માતાપિતા, શિક્ષકો અને ભાઈ-બહેનો)ની મદદથી કરી શકે છે. આનાથી બાળકને અન્યના માર્ગદર્શન સાથે વિવિધ કૌશલ્યોના વિકાસમાં મદદ મળે છે.
- **કૌશલ્ય-અભ્યાસ :** કૌશલ્ય-અભ્યાસ માટેની તકોને તમામ પ્રકરણોમાં - ચાલો કરીએ, પ્રોજેક્ટ કાર્ય અને અભ્યાસ પ્રશ્નોના સ્વરૂપમાં સામેલ કરેલ છે.
- **ગણિત રમતો :** ગણિતની રમતો અને પ્રવૃત્તિઓને સમગ્ર પુસ્તકમાં, તમામ પ્રકરણોમાં વણી લેવામાં આવી છે.

બાળકોમાં પર્યાવરણ, જીવન મૂલ્યો, સકારાત્મક ટેવો, સાંસ્કૃતિક મૂલ્યો અને સર્વસમાવેશક પરિપ્રેક્ષ્ય પ્રત્યે સંવેદનશીલતા વિકસાવવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ઉપરોક્ત પ્રકરણો વિકસાવવામાં આવ્યાં છે. પાઠ્યપુસ્તકમાં બહુભાષીય પરિપ્રેક્ષ્ય પણ પ્રતિબિંબિત થાય છે. ભાષાના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરતી પ્રવૃત્તિઓ પણ સમગ્ર પાઠ્યપુસ્તકમાં સામેલ છે, જે બાળકોને આનંદથી શીખવા માટે રસ ઉત્તેજિત કરશે.

શિક્ષકોએ આપેલા દરેક પ્રકરણ અને પ્રવૃત્તિઓના ઉદ્દેશને સમજવાની જરૂર છે. પાયાના તબક્કા માટેના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ અભ્યાસક્રમનાં લક્ષ્યો અને ક્ષમતાઓ સાથેની તેમની ગોઠવણી અને

તે મુજબ બાળકો માટે શીખવાની યોજના બનાવવાની જરૂરિયાત છે, જેમાં બાળકોની વિવિધ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ શીખવાની યોજનામાં, શિક્ષકોએ બાળકો દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલાં શીખવાનાં પરિણામો અને તમામ અભ્યાસક્રમનાં લક્ષ્યો હેઠળ ઓળખાયેલી કુશળતાના વિકાસ તરફના તેમના પ્રવાહના સક્રિય નિરીક્ષક બનવાની જરૂર છે. જો આપણે આપણી શિક્ષણક્ષમતાને સાચા અર્થમાં યોગ્યતા આધારિત બનાવવા માંગતા હોઈએ તો શિક્ષકો દ્વારા વિવિધ પ્રકરણોમાં આપવામાં આવેલાં શીખવાનાં પરિણામો અને પ્રવૃત્તિઓ સાથે માનચિત્રણ કરવું જરૂરી છે.

આ પાઠ્યપુસ્તકમાં આપવામાં આવેલી પ્રવૃત્તિઓ સૂચક છે. શિક્ષકો તેમની પોતાની પ્રવૃત્તિઓ વિકસાવી શકે છે અને સ્થાનિક રમકડાં, રમતો અથવા તેમના દ્વારા બનાવેલાં રમકડાં અને અન્ય ઉપલબ્ધ સામગ્રી સાથે તેને પૂરક બનાવી શકે છે.

માનસિક પડકાર અને વિચારપ્રેરક કાર્યોમાં વ્યસ્તતા વધુ સારા ગાણિતિક શિક્ષણ અને નિર્ણાયકતા તરફ દોરી જાય છે. મગજના કઠિન પ્રશ્નો, કોયડાઓ અને ઉખાણાં ઉકેલવાથી બાળકોને તેમના રોજિંદા શિક્ષણ ઉપરાંત તકો મળે છે. પુસ્તકમાં વિવિધ ઉમરને અનુરૂપ કોયડાઓ આપવામાં આવ્યા છે. કોયડાના ઉકેલો શોધવામાં બાળકને ઓછામાં ઓછા એક અઠવાડિયા સુધી રોકવું આવશ્યક છે. કેટલીક સમસ્યાઓ માટે એક કરતાં વધુ સાચા જવાબો હોઈ શકે છે તેમજ આ કોયડાઓ બાળકને આનંદમય અનુભવો આપવા માટે આપવામાં આવ્યા છે. આમ, આ કોયડાઓ ઉકેલવાના આધારે બાળકનું મૂલ્યાંકન ન કરવું જોઈએ.

પુસ્તકનાં પ્રકરણોમાં દૃશ્ય-શ્રાવ્ય સાધનો, ઇ-સામગ્રી, પુસ્તકમાં આપેલ ક્યૂઆર (QR) કોડમાં ઉપલબ્ધ સામગ્રી અને એનસીઇઆરટી દ્વારા વિકસિત શૈક્ષણિક કિટ્સ જેવી અન્ય શીખવાની-શીખવવાની સામગ્રીની પૂર્તિ કરવાની જરૂર છે.

આ પાઠ્યપુસ્તક જ માત્ર શીખવાનું સાધન નથી. બાળકો પર્યાવરણનું નિરીક્ષણ કરતી વખતે ઘણું બધું શીખે છે. દાદા-દાદી સહિત સાથીદારો અને વડીલો સાથે વાત કરતી વખતે; તેમની રુચિની વસ્તુઓ બનાવતી વખતે; ટી.વી. જોતી વખતે; મોબાઇલ, રમકડાં અને રમતો રમતી વખતે; વાર્તાઓ અને કવિતાઓ સાંભળતી વખતે; પ્રોજેક્ટ્સ કરતી વખતે; સાંસ્કૃતિક મહત્ત્વ અને પ્રવાસના સ્થળે જઈને અને ફરીને ઘણું બધું શીખી શકે છે. તેથી, આપણે શિક્ષક અથવા માતાપિતા તરીકે પાઠ્યપુસ્તકથી આગળ વધીને આ શિક્ષણનું મૂલ્ય આંકવાની જરૂર છે અને આ તબક્કા માટે ઓળખી કાઢવામાં આવેલી ક્ષમતાઓ અને અભ્યાસક્રમનાં લક્ષ્યો સાથે તેનો નકશો બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. આપણાં બાળકોના શિક્ષણને આપણી સામૂહિક જવાબદારી તરીકે જોવામાં આવે છે.

# પાઠ્યપુસ્તક નિર્માણ સમિતિ

**સલાહકાર**

દિનેશ પ્રસાદ સકલાની, નિયામક, એનસીઈઆરટી, નવી દિલ્લી

**માર્ગદર્શન**

શશિકલા વંજારી, પ્રોફેસર (નિવૃત્ત) અને એસ.એન.ડી.ટી. મહિલા વિશ્વવિદ્યાલય, મુંબઈ, મહારાષ્ટ્રના ભૂતપૂર્વ કુલપતિ
(અધ્યક્ષ , અભ્યાસક્રમ અને શીખવાની-શીખવવાની સામગ્રી વિકાસ સમિતિ, ભૌતિક વિકાસ સમિતિ)

સુનીતિ સનવાલ, વિભાગાધ્યક્ષ, પ્રાથમિક શિક્ષણ વિભાગ, એનસીઈઆરટી, નવી દિલ્લી (સભ્ય સંયોજક, અભ્યાસક્રમ અને શીખવાની-શીખવવાની સામગ્રી વિકાસ સમિતિ)

**સહયોગ**

આસ્થા ભયાના, પ્રાથમિક શિક્ષક, એમ.આર.જી. સ્કૂલ, નવી દિલ્લી

અનુપકુમાર રાજપૂત, પ્રોફેસર, પ્રાથમિક શિક્ષણ વિભાગ અને અધ્યક્ષ, પ્રકાશન વિભાગ, એનસીઈઆરટી, નવી દિલ્લી

આશુતોષ કેદારનાથ વઝલવાર, પ્રોફેસર, વિજ્ઞાન અને ગણિત શિક્ષણ વિભાગ, એનસીઈઆરટી, નવી દિલ્લી

ગરિમા પાંડે, પ્રાથમિક શિક્ષક, એમસીડી સ્કૂલ, નવી દિલ્લી

ગુંજન ખુરાના, રિસર્ચ સ્કોલર, જામિયા મિલિયા ઈસ્લામિયા, નવી દિલ્લી

મુકુંદકુમાર ઝા, સલાહકાર, પ્રાથમિક શિક્ષણ વિભાગ, એન.સી.ઈ.આર.ટી., નવી દિલ્લી

નિશા નેગી સિંહ, વરિષ્ઠ સલાહકાર, પ્રાથમિક શિક્ષણ વિભાગ, એનસીઈઆરટી, નવી દિલ્લી

એન.પાર્વતી ભટ, તકનીકી સહાયક, ડી.એસ.ઇ.આર.ટી., બેંગલુરુ

પદ્મપ્રિયા શિરાલી, પ્રધાનાચાર્ય, સહ્યાદ્રી સ્કૂલ, પુણે

રિતુ ગિરી, મદદનીશ શિક્ષક, ડિરેક્ટોરેટ ઓફ એજ્યુકેશન, દિલ્લી

સપના અરોરા, ટીજીટી, ડિરેક્ટોરેટ ઓફ એજ્યુકેશન, દિલ્લી

**સમીક્ષકો**

દિવ્યાંશુ દવે, પૂર્વ કુલપતિ (પ્રભારી), ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

ગજાનન લોંઢે, નિર્દેશક, સંવિત રિસર્ચ ફાઉન્ડેશન, બેંગલુરુ

મંજુલ ભાર્ગવ, સભ્ય, રાષ્ટ્રીય સંચાલન સમિતિ અને અધ્યક્ષ, મેન્ડેટ ગ્રુપ

સંદીપ દિવાકર, વિષયનિષ્ણાત, અઝીમ પ્રેમજી ફાઉન્ડેશન

શ્રીધર શ્રીવાસ્તવ, પ્રોફેસર અને સંયુક્ત નિર્દેશક, એનસીઈઆરટી, નવી દિલ્લી

**એકેડેમિક કો-ઓર્ડિનેટર**

અનુપકુમાર રાજપૂત, પ્રોફેસર, પ્રાથમિક શિક્ષણ વિભાગ અને અધ્યક્ષ, પ્રકાશન વિભાગ, એનસીઈઆરટી, નવી દિલ્લી.




# આભાર


રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ અનીતા શર્મા, પ્રાચાર્ય, એસ.ડી. પબ્લિક સ્કૂલ; હિમાની ડેમ, સહાયક પ્રોફેસર, રાજધાની કોલેજ, દિલ્લી યુનિવર્સિટી; મનીષ જૈન, પ્રોફેસર, આઈ.આઈ.ટી. ગાંધીનગર; પંકજ તિવારી, જનશિક્ષક, એમ.એલ. બી.સ્કૂલ, શિવની, મધ્યપ્રદેશ; પ્રીતિ હેગડે, મદદનીશ શિક્ષિકા, કે.પી.એસ. હેગનહલ્લી, બેંગલુરુ; પુષ્પા ઓલહ્યાન, એસ.આર.એ., ડી.ઈ.ઈ., રા.શૈ.સં.તા.પ.; રાબિન છેત્રી, નિયામક, રા.શૈ.સં.તા.પ., સિક્કિમ; રાકેશ ભાટિયા,વિષય-નિષ્ણાત, એચ.બી.એસ.ઈ., હરિયાણા; રેમન હુડ્ડા, જે.પી.એફ.ડી.ઈ.ઈ., રા.શૈ.સં.તા.પ.; તેજલ આહુજા, જે.પી. એફ.ડી.ઈ.ઈ., રા.શૈ.સં.તા.પ. અને વીના એચ.આર., શિક્ષક કેળવણીકાર, સંવિત રિસર્ચ ફાઉંડેશન, બેંગલુરુનો પુસ્તક વિકાસ કાર્યશાળાઓ દરમિયાન ચર્ચાઓમાં ભાગ લેવા માટે આભાર વ્યકત કરે છે.

પરિષદ સંતોષ મિશ્રા, આર્ટિસ્ટ, એમાર્ટસ, દિલ્લીને ચિત્રાંકન, ડિઝાઇન અને લેઆઉટ માટે આભાર વ્યક્ત કરે છે. એનસીઇઆરટી ડીટીપી ઓપરેટર્સ- અરુણ વર્મા, ડીઇએસએમ, કનિકા વાલેચા, ડીઇઇ, રોહિત કુમાર, ડીઇઇ અને રાકેશ અગ્રવાલ, મદદનીશ, ડીઇઇ, એનસીઇઆરટીનો તેમના યોગદાન માટે આભાર વ્યક્ત કરે છે.

આ પાઠ્યપુસ્તકને આકાર આપવા માટે ઇલ્મા નાસિર, સંપાદક (કરાર), પ્રકાશન વિભાગ, એનસીઇઆરટીના પ્રયત્નોની પ્રશંસા કરે છે. પરિષદ ડીટીપી સેલના ઇન્ચાર્જ પવનકુમાર બારિયાર અને સંજીવ કુમાર, કોપી હોલ્ડર, પબ્લિકેશન વિભાગ, એનસીઇઆરટીનો પણ આભાર વ્યક્ત કરે છે.





# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | પ્રસ્તાવના | iii |
| | પુસ્તક વિશે | vii |
| ૧. | મારી વહાલી બિલાડી શોધીએ ! ( સંખ્યા પહેલાંની વિભાવનાઓ ) | ૧ |
| ૨. | શું છે લાંબુ? શું છે ગોળ? (આકૃતિઓ) | ૧૦ |
| ૩. | કેરીની મિજબાની (૧ થી ૯ સુધીની સંખ્યાઓ) | ૧૮ |
| ૪. | ૧૦ બનાવીએ (૧૦ થી ૨૦ સુધીની સંખ્યાઓ) | ૩૩ |
| ૫. | કેટલા? (એક અંકની સંખ્યાના સરવાળા અને બાદબાકી) | ૪૮ |
| ૬. | શાકભાજીનું ખેતર (૨૦ સુધીના સરવાળા અને બાદબાકી) | ૬૪ |
| ૭. | લીનાનો પરિવાર (માપન) | ૭૨ |
| ૮. | સંખ્યાની રમત (૨૧ થી ૯૯ સુધીની સંખ્યાઓ) | ૮૪ |
| ૯. | તહેવાર (પેટર્ન) | ૯૮ |
| ૧૦. | મારી દિનચર્યા (સમય) | ૧૦૫ |
| ૧૧. | કેટલી વાર? (ગુણાકાર) | ૧૧૧ |
| ૧૨. | આપણે કેટલો ખર્ચ કરી શકીએ? (નાણું) | ૧૧૫ |
| ૧૩. | રમકડાં જ રમકડાં (માહિતી સંચાલન) | ૧૨૦ |
| | કોયડાઓ | ૧૨૨ |

*If you are stressed, anxious, worried, sad or confused about ....*

**Studies and Exams**

**Personal Relationships**

**Career Concerns**

**Peer Pressure**

## Seek Support of Counsellors

**Call 8448440632**

**National Toll-free Counselling Tele-Helpline**
**8am to 8pm**
**All days of the week**

## MANODARPAN

Psychosocial Support for Mental Health & Well-being of Students during the COVID-19 Outbreak and beyond
(An initiative by Ministry of Education, Government of India, as part of Atma Nirbhar Bharat Abhiyan)

**www.https://manodarpan.education.gov.in**

# ૧ મારી વહાલી બિલાડી શોધીએ !

QRickit
0124CH01

## ચાલો, ગાઈએ !















આવ, આવ, આવ,

મારી પાસે આવ, મારી વહાલી બિલાડી !

કોઈવાર તને બરણીની **નીચે** નહોર મારતાં જોઈ,

કોઈવાર તને મોટરગાડી **ઉપર** રમતાં જોઈ.

મારી પાસે આવ, મારી વહાલી **બિલાડી** !







આવ, આવ, આવ,
મારી પાસે આવ, મારી વહાલી બિલાડી
કોઈવાર ટોપીની **ઉપર** કૂદતાં જોઈ.

કોઈવાર સાદડીની **નીચે** જોઈ,
જલદી આવ, મારી વહાલી બિલાડી,
મારી પાસે આવી, મારી વહાલી
બિલાડી!

બાળકોને કવિતા અભિનય સાથે ગાવાનું કહો. બાળકો ચિત્ર જોઈને કહી શકશે કે, તેમણે શું જોયું? બાળકો સમક્ષ વર્ગની કઈ-કઈ વસ્તુઓ ઉપર તેમજ કઈ-કઈ વસ્તુઓ નીચે, અંદર, બહાર વગેરેની ચર્ચા કરો. બાળકોને તેમની આસપાસ જોવા મળતાં પ્રાણીઓ વિશે વાત કરવા માટે પ્રોત્સાહિત કરો. જેમ કે બિલાડી, કૂતરા, ગાય વગેરે.

## કવિતાનાં ચિત્રો જુઓ અને સાચા શબ્દ ફરતે ગોળ કરો.

ક. લાલ દડો પલંગની **ઉપર/ નીચે /અંદર** છે.

ખ. બિલાડી કારની **અંદર/બહાર/ઉપર** છે.

ગ. માણસ વૃક્ષની **નીચે/ અંદર / ઉપર** છે.

ઘ. ગાય ઘરની **અંદર/ઉપર/બહાર** છે.



## વિચારો અને જવાબ આપો

ક. તમે તમારાં પગરખાં ક્યાં મૂકશો ? ઓરડાની **અંદર / બહાર**

ખ. તમે કચરો ક્યાં ફેંકો છો ? કચરાપેટીની **અંદર/બહાર**



## ચાલો રમીએ — વસ્તુઓ શોધો

બાળકોને બે જૂથમાં વહેંચો. એક જૂથ સફેદ ચૉક, લાલ દડો વગેરે જેવી વસ્તુઓ છુપાવશે અને બીજા જૂથને તેને શોધવા માટે કહેશે. બાળકો **અંદર/બહાર, દૂર/નજીક, ઉપર/નીચે** વગેરે જેવા સ્થાનીય શબ્દોનો ઉપયોગ કરીને વસ્તુઓ શોધવા માટે મૌખિક સૂચનાઓ આપી શકે છે.

દાખલા તરીકે :

ક. પાટિયા **પાસે** અને ટેબલ **નીચે** છુપાયેલી સફેદ વસ્તુ શોધો.

ખ. લાલ વસ્તુ શોધો કે જે વર્ગખંડની **બહાર** અને ઝાડ **નીચે** હોય.





## ચાલો રમીએ — દડો ફેંકો !

દરેક બાળક તાકીને દડો ટોપલીમાં ફેંકવાનો પ્રયત્ન કરશે. જ્યારે દડો ટોપલીની અંદર જાય ત્યારે અન્ય બાળકો કહેશે **અંદર** અને દડો ટોપલીની બહાર જાય ત્યારે તેઓ કહેશે **બહાર.**





## ચાલો કરીએ

ક. જે વસ્તુ **અંદર** છે, તેના પર ✓ (ખરાની નિશાની) કરો.





પ્રવૃત્તિ એવી રીતે હાથ ધરવી જોઈએ કે જેથી દિવ્યાંગ બાળકો હોય તો પણ તેમાં સક્રિય ભાગ લઈ શકે. ઉદાહરણ તરીકે, એક દડા પર ઝાંઝર બાંધી શકાય છે અને ટોપલીના અંદરના તળિયાને બહારની સપાટીથી અલગ બનાવી શકાય, જેથી દડો જ્યારે ટોપલીની અંદર અથવા બહાર પડે ત્યારે અલગથી વિશિષ્ટ અવાજ આવે.

ખ. જે બહાર છે, તેના પર ✓ નિશાની કરો.





ગ. ચિત્ર જુઓ અને સાચા શબ્દો પર ✓ નિશાની કરો.

૧. એક છોકરો ઝાડ **ઉપર/નીચે** બેઠો છે.

૨. પક્ષીઓ ઝાડ **ઉપર/નીચે** હોય છે.



ઘ. નાકની નીચે સ્મિત દર્શાવતો હોઠ અને આંખોની ઉપર ભ્રમર દોરો.



ચ. આપણા રાષ્ટ્રધ્વજને જુઓ. તેને તિરંગો પણ કહેવામાં આવે છે. તેમાં કેટલા રંગો છે ?

સાચા વિકલ્પ પર ✓ નિશાની કરો.

૧. તિરંગામાં સૌથી **ઉપર** કયો રંગ છે ?

**સફેદ/કેસરી/લીલો**

૨. તિરંગામાં સફેદ રંગની **નીચે** કયો રંગ છે ?

**ગુલાબી/કેસરી/લીલો**

૩. તિરંગામાં લીલા રંગની **ઉપર** કયો રંગ છે ?

**સફેદ/કેસરી/પીળો**

૪. તિરંગામાં અશોકચક્ર ક્યાં છે ?

**એક ખૂણામાં/વચ્ચે/એક બાજુ પર**



બાળકો સાથે ચર્ચા કરો કે આપણે રાષ્ટ્રધ્વજ ક્યારે, ક્યાં અને શા માટે ફરકાવીએ છીએ. બાળકોને રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી વિશે તેમની લાગણીઓ વ્યક્ત કરવા દો. બાળકોને પોતાનો તિરંગો બનાવવા માટે કહો અને તિરંગા સામે ઊભા રહી રાષ્ટ્રગીત ગાવા માટે કહો.



## છુક-છુક કરતી ગાડી ચાલી !

છુક-છુક, છુક-છુક
છુક-છુક કરતી ગાડી ચાલી !
વાંકી-ચૂંકી ગાડી ચાલી (ટેકરીઓ ઉપર અને મેદાનો સુધી)
નદી-ખેતરો થઈને ગાડી ચાલી.
ઉપર જતી, નીચે જતી
ઊભી રહેતી, ચાલવા માંડતી
પર્વત, સમુદ્ર, વરસાદ બતાવતી
આખો દેશ ફેરવીને લાવતી.
આગળ એન્જિન, પાછળ ડબ્બા
કો'ક ડબ્બાના **આગળ** ડબ્બા
કો'ક ડબ્બાના **પાછળ** ડબ્બા
હાલતી-ડોલતી ગાડી ચાલી
છુક-છુક કરતી ગાડી ચાલી !



ક. એન્જિનની **પાછળ** કેટલા ડબ્બા છે?

ખ. લાલ ડબ્બાની **આગળ** કેટલા ડબ્બા છે?

ગ. લાલ ડબ્બાની **પાછળના** ડબ્બાઓમાં **નારંગી** રંગ પૂરો.

ઘ. લાલ ડબ્બાની **આગળના** ડબ્બાઓમાં **વાદળી** રંગ પૂરો.

બાળકોને તેમની રેલગાડીની મુસાફરીના અનુભવો જણાવવા કહો. જે બાળકોએ ક્યારેય રેલગાડીમાં મુસાફરી કરી નથી, તેઓ મુસાફરી વિશે પ્રશ્નો પૂછી શકે છે. 'રેલગાડી કેવી હોય છે' તે વિષય પર વર્ગમાં ચર્ચા થવા દો. તેઓને કાગળ પર રેલગાડી દોરવા માટે અથવા વપરાયેલાં ખોખાં કે દીવાસળીની પેટીઓ જેવી નકામી વસ્તુઓનો ઉપયોગ કરીને રેલગાડી બનાવવા કહો.

## ચાલો, રમીએ !

બાળકો જોડકણું ગાશે અને એકબીજાના ખભા પકડીને રેલગાડી બનાવશે. બધાં બાળકો કહેશે કે, તેમની આગળ કોણ છે અને તેમની પાછળ કોણ છે ?




સુહાની અને રોહિત વસ્તુઓનાં કેટલાંક જૂથ બનાવી રહ્યાં છે.




બાળકોને બીજ, પાંદડાં, મણકાં વગેરે વસ્તુઓનું વર્ગીકરણ કરવા જેવી બીજી પ્રવૃત્તિઓ કરવા દો.

## ચાલો કરીએ

સુહાનીએ બધાં બટનને ત્રણ જૂથમાં મૂક્યાં છે.



સુહાનીએ આવાં જૂથ શા માટે બનાવ્યાં ?

સુહાની હવે આ બટનનાં અલગ અલગ જૂથ કરવા માંગે છે. તમે ચિત્ર દોરીને તેને મદદ કરો.

## પ્રોજેક્ટ કાર્ય

બાળકોને વર્ગખંડના કબાટને વ્યવસ્થિત કરવા કહો. શિક્ષક બાળકોને સ્થાન સંબંધિત શબ્દો જેવા કે; સૌથી નીચેના ખાનામાં બે વસ્તુઓ મૂકો, સૌથી ઉપરના ખાનામાં એક વસ્તુ મૂકો વગેરે નિર્દેશો આપે.



# ૨ શું છે લાંબુ? શું છે ગોળ?



## તમારી આસપાસ જુઓ !

વિદ્યાદીદીએ બધાં બાળકોને કુંડાળામાં બેસવા કહ્યું.




વર્ગમાં આ રમત રમવા માટે બાળકોને કહો. બાળકોને એવી બે વસ્તુઓનાં નામ કહેવા માટે કહો કે જેમાં એક વસ્તુ લાંબી અને એક ગોળ હોય. દરેક વખતે નવી વસ્તુઓનાં નામ કહેવાનાં છે, પુનરાવર્તન ટાળો. બાળકો એક ગુણધર્મના આધારે પણ વર્ગીકરણ કરી શકે છે. જેમ કે, કોઈ બાળક પ્યાલાને લાંબો તો કોઈ તેને ગોળાકાર કહી શકે છે. બંને જવાબ તર્કના આધારે સાચા માનવા. બાળકોને આ માટે તેમના તર્ક રજૂ કરવા કહો.



## વિચારો અને કરો

ક. ગોળ વસ્તુઓને ◯ માં અને લાંબી વસ્તુઓને ▭ માં દોરો.









ખ. એકસરખા આકારવાળી વસ્તુઓ જોડો.





















ગ. દડા  જેવી દેખાતી વસ્તુ નીચે ✓ ની નિશાની કરો.










ઘ. ટોપી  જેવી દેખાતી વસ્તુ નીચે ✓ ની નિશાની કરો.



ચ. પ્યાલા  જેવી દેખાતી વસ્તુ નીચે ✓ ની નિશાની કરો.



છ. દીવાસળીની પેટી  જેવી દેખાતી વસ્તુ નીચે ✓ ની નિશાની કરો.






## ચાલો કરીએ

તમારી આસપાસની વિવિધ વસ્તુઓનો ઉપયોગ કરીને ઘર, રમકડું, મિનારો (ટાવર), રોબોટ, બસ અથવા તમને ગમતી કોઈ પણ વસ્તુ બનાવો. તમે નોંધપોથી, પુસ્તક, સીસાપેનનાં ખોખાં, પાણીની બાટલી (બૉટલ), જન્મદિવસની ટોપી, જૂનાં કે નકામાં ખોખાંનો પણ ઉપયોગ કરી શકો છો.

બાળકોને ચાર જૂથમાં વહેંચો. દરેક જૂથને એક આકાર આપો અને બાળકોને તે આકારની બે જુદી જુદી વપરાયેલી અથવા નકામી વસ્તુઓ લાવવા માટે કહો. વર્ગખંડમાં એકત્રિત કરેલી બધી વસ્તુઓ પ્રદર્શિત કરો અને બાળકોને તેમની વસ્તુઓની આપ-લે કરવા દો અને શા માટે તેમણે તે વિશિષ્ટ વસ્તુઓ પસંદ કરી છે તેનું કારણ પણ જણાવવા કહો.



## સમજદાર દાદી



એકવાર એક ઘેટાનું બચ્ચું
તેની દાદીને મળવા જઈ રહ્યું હતું.

વરુએ ઘેટાના બચ્ચાને જોયું.
તે તેને પકડવા  માગતું હતું.




ઘેટાના બચ્ચાએ વરુ વિશે બધું જ તેની દાદીને કહ્યું.

દાદીને એક વિચાર આવ્યો અને ઘેટાના બચ્ચાને એક ઢોલકમાં પૂરી દીધું અને ઢોલકને ઘર તરફ પાછા જવા માટે ગબડાવી દીધું.



વાર્તાને વર્ગમાં મોટેથી વાંચો અને બાળકોને અભિનય કરવા માટે કહો.

ઢોલક ખૂબ જ ઝડપથી ગબડવા લાગ્યું અને વરુ તેની પાછળ-પાછળ દોડવા લાગ્યું.



વરુ ઘેટાના બચ્ચાને પકડી શક્યું નહીં અને તે
સુરક્ષિત રીતે ઘેર પહોંચી ગયું.






ઢોલક શા માટે ગબડ્યું તેનું કારણ બાળકોને પૂછો. બાળકો વચ્ચે ઢોલકના આકાર અને તેની ઢોળાવવાળી/નમેલી સપાટી તથા જંગલથી લઈને ઘેટાના ઘર સુધીના રસ્તા વિશે ચર્ચા ગોઠવો.

## ચાલો, આપણે સરકીએ !

ચિત્રમાં બાળકો કૅરમ રમી રહ્યાં છે. તમે પણ રમો અને જુઓ કે ગોટી (સ્ટ્રાઇકર) ખૂણા સુધી પહોંચવા માટે કેવી રીતે સરકે છે.




ક. નીચે આપેલા ચિત્રમાં ◯માં ગબડતી વસ્તુઓ માટે ખરાની નિશાની અને સરકતી વસ્તુઓ પર ખોટાની નિશાની કરો.




ખ. તમારી આસપાસના વિસ્તારમાંથી જુદી જુદી વસ્તુઓ એકઠી કરો અને નક્કી કરો કે કઈ વસ્તુઓ ગબડે છે અને કઈ વસ્તુઓ સરકે છે.

ગ. શું તમે એવી વસ્તુઓ જોઈ છે જે ગબડે છે અને સરકે પણ છે ? જો હા, તો વર્ગમાં ચર્ચા કરો.

બાળકોને તેમના ઘરની અને શાળામાં જોવા મળતી વિવિધ વસ્તુઓ કે જે ગબડે છે અને સરકે પણ છે તે વિશે જણાવવા કહો. કોઈ વસ્તુ સમતલ કે ઢોળાવવાળી જગ્યા પર ગબડે છે કે સરકે છે તે વિશે પણ બાળકો સાથે ચર્ચા કરો.





## વિચારો અને કરો

નીચેની વસ્તુઓ ગબડે છે, સરકે છે કે પછી ગબડે પણ છે અને સરકે પણ છે તે શોધો. ✓ કે X ની નિશાની કરો.

| વસ્તુ | ગબડે છે | સરકે છે | ગબડે છે અને સરકે છે |
|---|---|---|---|
|  | | | |
|   | | | |
|  | | | |
|  | | | |
|  | | | |
|  | | | |
|  | | | |
|  | | | |



## પ્રોજેક્ટ કાર્ય

ક. પૂંઠાનાં ખોખાં જેવાં કે; પગરખાંનાં ખોખાં, ખાવાની વસ્તુઓનાં ખાલી ખોખાં, ફળોનાં ખોખાં વગેરે એકઠાં કરો.ખોખાની આગળ એક ચીરો બનાવો અને આંખો, મોં અને નાક દોરો. તમારાં માતાપિતા અથવા શિક્ષકની મદદથી કઠપૂતળી બનાવો અને તેની સાથે રમો. તમારી મનપસંદ વાર્તાઓની કઠપૂતળીઓ બનાવો અને તમારા વર્ગખંડમાં કઠપૂતળીનો ખેલ કરો.

ખ. જુદી જુદી વસ્તુઓની મદદથી મિનારા (ટાવર્સ) બનાવો. કયા આકારની વસ્તુઓથી ઊંચા અને સ્થિર મિનારા બને છે તે શોધો.

ગ. ચીકણી માટીનો ઉપયોગ કરીને વિવિધ આકાર અને વસ્તુઓ બનાવો.

3

# કેરીની મિજબાની





## ચાલો, વાંચીએ !

















## ચાલો વાતચીત કરીએ

ક. ચિત્રમાંનાં પક્ષીઓને ઓળખો.

ખ. શરૂઆતમાં કેટલાં પશુ કે પક્ષીઓ કેરી ખાતાં હતાં ?

ગ. દર વખતે કેટલાં પ્રાણીઓ કે પક્ષીઓ જોડાયાં ?

ઘ. એકથી એક વધારે, બેથી એક વધારે,... એમ ૯ કેવી રીતે મળે ?

ચ. અંતે કેટલાં પશુ-પક્ષીઓએ કેરી ખાધી ?

જેમ જેમ પ્રાણીઓ જોડાતાં ગયાં તેમ તેમ સંખ્યા ગણવાની વાત કરો. શિક્ષક બધાં બાળકોને જુદાં જુદાં પ્રાણીઓ અથવા પક્ષીઓની ભૂમિકા ભજવવાનું કહીને અભિનય કરાવી શકે છે અને તેમના અવાજ કઢાવી શકે છે. શિક્ષકે બાળકો સાથે જુદાં-જુદાં પ્રાણીઓ અને પક્ષીઓનાં રહેઠાણો, તેમની આદતો અને તેમના અવાજો વિશે ચર્ચા કરવી. બાળકોને સમજાવવું કે કોઈ એક સંખ્યામાં એક ઉમેરવાથી તે સંખ્યા પછીની સંખ્યા મળે છે.



## પક્ષીઓની સંખ્યાને આંગળીઓની સંખ્યા સાથે જોડો.

















## આપેલ ઉદાહરણ પ્રમાણે આંગળીઓની સંખ્યાને યોગ્ય ટપકાં સાથે જોડો.





## ચાલો રમીએ - આંગળીઓનો જાદુ



તમારા મિત્રને ૩ આંગળીઓ બતાવો. તમારા મિત્રએ તમને ૩ આંગળીઓ જુદી રીતે બતાવવાની છે. જેમ કે - એક હાથની ૨ આંગળીઓ અને બીજા હાથની ૧ આંગળી. આ જ રીતે તમે બીજી સંખ્યા માટે રમી શકો છો.

એક અથવા બે હાથનો ઉપયોગ કરીને ૪ આંગળીઓ કેટલી રીતે બતાવી શકાય ?

## ચાલો, આપણે બહાર રમીએ !





બાળકો હાથ પકડીને અને ગીતો ગાતાં-ગાતાં ગોળ (વર્તુળમાં) ફરે છે. એક બાળક તાળી પાડે છે અને 'ચાર' કહે છે. બધાં બાળકો હાથ પકડીને ચારનાં જૂથ બનાવશે. બાકી રહેલાં બાળકો દરેક જૂથમાં બાળકોની સંખ્યા ગણશે. એ જ રીતે બાળકો ૯ સુધી અલગ-અલગ સંખ્યાઓ કહીને આ રમત ચાલુ રાખે છે.



# મારો ચિત્રકળા દિવસ

બાળકો માટે ૩૧મી ઑક્ટોબરના દિવસે ‘એકતા દિવસ’ પર ચિત્ર સ્પર્ધા યોજાઈ. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે એક લીટી દોરીને દરેક બાળકને જુદી-જુદી વસ્તુઓ આપો.






તેમની પાસે પૂરતી સામગ્રી છે કે નહીં તે જાણવામાં તેમને મદદ કરો.
વધુ અથવા ઓછા અથવા સમાન પર ✓ કરો.

| વસ્તુઓ | બાળકોની સંખ્યા કરતાં વધુ | બાળકોની સંખ્યા કરતાં ઓછી | બાળકોની સંખ્યા જેટલી જ સમાન |
|---|---|---|---|
|  | | | |
|  | | | |
|  | | | |
|  | | | |
|  | | | |

બાળકો સાથે ચર્ચા કરો કે તેઓ કઈ રીતે શોધી શક્યાં કે કઈ વસ્તુઓ વધુ કે ઓછી કે સમાન છે. જ્યારે બાળકો વસ્તુઓ કરતાં વધુ હોય ત્યારે જૂથમાં વસ્તુઓ વહેંચવાની ટેવ વિશે પણ ચર્ચા કરો. એકતા દિવસના મહત્ત્વ વિશે પણ ચર્ચા કરો.



## ચાલો કરીએ

ક. જેની સંખ્યા વધુ હોય તેના પર ✓ કરો.





ખ. જેની સંખ્યા ઓછી હોય તેના પર ✓ કરો.





ગ. જેની સંખ્યા ઓછી હોય તેના પર ✓ કરો.





## ચાલો રમીએ — આંગળીઓની રમત

ક. આ આંગળીની રમત તમારા મિત્ર સાથે રમો. કેટલીક આંગળીઓ બતાવો. ઉદાહરણ તરીકે ચાર આંગળીઓ. તમારા મિત્રને ચાર કરતાં ઓછી આંગળીઓ બતાવવાની છે.

ખ. તમારા મિત્રને તે સંખ્યા કરતાં વધુ સંખ્યા બતાવવા કહો તેમજ વધુ સંખ્યા જુદી રીતે અને ઓછી સંખ્યા જુદી રીતે બતાવવા માટે કહો.

# ચાલો સંખ્યાઓ લખીએ ૧,૨,૩,...



## ઉપરનું ચિત્ર જુઓ અને સૂચનાઓનું પાલન કરો.

ક. ઉપરના ચિત્રમાં જે વસ્તુની સંખ્યા એક હોય તે વસ્તુ પર △ દોરો અને નીચેના ખાનામાં ૧ લખો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ એક | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | | | | | |

ખ. ઉપરના ચિત્રમાં જે વસ્તુની સંખ્યા બે હોય તે વસ્તુ પર ○ દોરો અને ખાનામાં ૨ લખો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ બે | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | | | | | |

ગ. ઉપરના ચિત્રમાં જે વસ્તુની સંખ્યા ત્રણ હોય તે વસ્તુ પર □ દોરો અને ખાનામાં ૩ લખો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ ત્રણ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | | | | | |



ઘ. ઉપરના ચિત્રમાં જે વસ્તુની સંખ્યા ચાર હોય તે વસ્તુ પર △ દોરો અને નીચેના ખાનામાં ૪ લખો.

૪ ચાર

ચ. ઉપરના ચિત્રમાં જે વસ્તુની સંખ્યા પાંચ હોય તે વસ્તુ પર ◯ દોરો અને નીચેના ખાનામાં ૫ લખો.

૫ પાંચ

છ. ઉપરના ચિત્રમાં જે વસ્તુની સંખ્યા છ હોય તે વસ્તુ પર ▭ દોરો અને નીચેના ખાનામાં ૬ લખો.

૬ છ



જ. ઉપરના ચિત્રમાં જે વસ્તુની સંખ્યા સાત હોય તે વસ્તુ પર △ દોરો અને નીચેના ખાનામાં ૭ લખો.

૭  સાત

ઝ. ઉપરના ચિત્રમાં જે વસ્તુની સંખ્યા આઠ હોય તે વસ્તુ પર ◯ દોરો અને નીચેના ખાનામાં ૮ લખો.

૮  આઠ

ટ. ઉપરના ચિત્રમાં જે વસ્તુની સંખ્યા નવ હોય તે વસ્તુ પર ▭ દોરો અને નીચેના ખાનામાં ૯ લખો.

૯  નવ

બાળકોને વસ્તુઓની ગણતરી કરવા અને રેતી પર અંકો લખવા માટે પ્રોત્સાહિત કરો. એક બાળકને બીજા બાળકની પીઠ પર અંક લખવા માટે કહો અને પછી અનુમાન કરવા દો કે કઈ સંખ્યા લખેલી છે. બાળકોને કહો કે ઉપરના ચિત્રમાં સાત તારાઓનું જૂથ રોજ રાત્રે આકાશમાં જોઈ શકાય છે તેને સપ્તર્ષિ અથવા બિગ ડિપર તરીકે ઓળખવામાં આવે છે.

## ગણતરી કરો અને જોડો

| | |
|---|---|
|  | ૩ |
|  | ૭ |
|  | ૫ |

## ગણતરી કરો અને રંગો

ક. ૮ તારામાં રંગ પૂરો.



ખ. ૫ ફૂલોમાં રંગ પૂરો.



ગ. ૬ દડામાં રંગ પૂરો.



## સંખ્યાઓને ક્રમમાં જોડો

ક. એકબીજાને લીટીઓ અડે નહીં તે રીતે ૧ થી ૯ સુધીની સંખ્યાઓને જોડતો રસ્તો દોરો.

૧.




૨.

| | | |
|---|---|---|
| ૧ | ૩ | ૪ |
| ૯ | ૨ | ૫ |
| ૮ | ૭ | ૬ |

૩.

| | | |
|---|---|---|
| ૫ | ૬ | ૭ |
| ૪ | ૩ | ૮ |
| ૧ | ૨ | ૯ |

ખ. એક તોફાની વાંદરો સંખ્યાકાર્ડની અદલાબદલી કરી રહ્યો હતો. તમે આ સંખ્યાકાર્ડને નાનાથી શરૂ કરીને સૌથી મોટા સુધીના સાચા ક્રમમાં ગોઠવો.






ગ. બિલાડી આખા સંખ્યાકાર્ડ પર ચાલી ગઈ છે. ખૂટતી સંખ્યાઓ લખો.

___, ૫, ૬, ___, ૮

___, ૨, ___, ૪, ૫

૫, ___, ___, ___, ૯

૩, ___, ___, ૬, ___





## મોટામાં મોટી સંખ્યાને રંગો





ક. આમાં કેટલાં **પીળાં** ખોખાં છે ? ગણો અને લખો.



ખ. આપેલ ચિત્રમાં કેટલાં જાંબુ છે ?



ગ. ચિત્રમાં દેખાતાં ઘેટાંની સંખ્યા લખો.



ઘ. કોઈ પણ ૪ ફળ દોરો.

ચ. કયાં બે જૂથ મળીને ૮ ફળ થાય છે ? તેના ફરતે ◯ દોરો.





છ. કયાં બે જૂથ મળીને ૭ છત્રી થાય છે ? તેના ફરતે ◯ દોરો.





જ. કોની સંખ્યા ઓછી છે ? પ્યાલા કે ચમચીની ? તેના ફરતે ◯ દોરો.





## પ્રોજેક્ટ કાર્ય

બાળકોને તેમનાં પોતાનાં ૧ થી ૯ સુધીનાં સંખ્યાકાર્ડ બનાવવા માટે કહો. તેઓ જુદા જુદા રંગના કાગળોનો ઉપયોગ કરી શકે છે અને તેઓ સંખ્યાકાર્ડ પર સરખી સંખ્યામાં વસ્તુઓને દોરી કે ચોંટાડી શકે છે.

# ૧૦ બનાવીએ




## ટપકાંવાળું જીવડું અને તેની ડિઝાઇન

"તમે કદી ટપકાંવાળું જીવડું જોયું છે ?
તેના શરીર પર ટપકાં હોય છે.
શું તમે ક્યારેય ટપકાં ગણ્યાં છે ?"



ક. દરેક જીવડા પરનાં ટપકાંની સંખ્યા લખો.









ખ. કચૂકા, કાંકરા, બટન, ચાંલ્લા વગેરે જેવી વસ્તુઓ વડે અમુક ટપકાંની ડિઝાઈન બનાવો અને દરેક ગોઠવણીમાં ટપકાંની સંખ્યા ઓળખો.



ગ. લાલ ચાંલ્લાની ગોઠવણી દ્વારા બનતી સંખ્યાઓને ઓળખો અને લખો.





## ચાલો રમીએ

ઘ. તમારા મિત્ર સાથે રમો. પાસો ફેંકો અને પાસા પર દેખાતાં ટપકાં જેટલાં જ ટપકાંવાળા ખાનામાં રંગ પૂરો. તમારા મિત્ર અને તમે વારાફરતી પાસો ફેંકો.



રંગ પસંદ કરો અને તેને નીચેના ખાનામાં પૂરો.

મારો રંગ

મિત્રનો રંગ



વધુ સંખ્યામાં જેનાં ખાનાં રંગીન હશે તે બાળક જીતશે.

બાળકોને ગણતરી કર્યા વિના સંખ્યાઓ ઓળખવામાં મદદ કરવા માટે રંગીન ટપકાંવાળાં ફ્લેશકાર્ડનો ઉપયોગ કરો. આને સબિટાઇઝેશન (ગણતરી કર્યા વગર જોઈને સંખ્યા કહેવી) કહેવામાં આવે છે. જરૂરિયાત મુજબ વિવિધ આકાર અને કદમાં ૧ થી ૯ સંખ્યાના ટપકાંનાં નમૂનાવાળાં કાર્ડ બનાવો.



## અદૃશ્ય થતાં બટનો

ગોલુ વાંદરો ચાર બટનવાળું તેનું મનપસંદ ખમીસ (શર્ટ) પહેરે છે. તે બગીચામાં ગયો અને ઘણાં બધાં કેળાં ખાધાં. તમને શું લાગે છે પછી શું થયું હશે ?

તેનું એક બટન તૂટી ગયું અને દૂર જતું રહ્યું. પરંતુ તે કેળાં ખાવાનું છોડતો નથી અને તેના ખમીસનાં એક પછી એક બટન તૂટતાં ગયાં.



ચાર

☐ બટન



ત્રણ

☐ બટન



બે

☐ બટન



એક

☐ બટન



શૂન્ય

0 બટન

ખમીસ પર છેલ્લે કેટલાં બટન બચ્યાં છે તે સંખ્યાની ચર્ચા કરો. બાળકોને તેમની આસપાસની વસ્તુઓ કે જેની સંખ્યા શૂન્ય છે તેના નામ આપવા માટે કહો. બાળકોને સમજવા દો કે શૂન્ય એ પણ એક, બે અને બીજી સંખ્યાઓ જેવી જ સંખ્યા છે. બાળકો સાથે સમતોલ આહારના ફાયદાઓ અને અતિશય આહારની આડઅસરો વિશે ચર્ચા કરો.



ઝાડની ડાળી પર બેઠેલાં પક્ષીઓની સંખ્યા લખો.











## ‘૦’ લખો





## વિચારો અને કહો

ક. તમે રાત્રે કેટલા સૂર્ય જુઓ છો ?

ખ. તમે બપોરે કેટલા ચંદ્ર જુઓ છો ?

દર વખતે એક વસ્તુને ઘટાડીને શૂન્યનો વિચાર દર્શાવવા માટે મૂર્ત વસ્તુઓનો ઉપયોગ કરો. એવી પરિસ્થિતિઓની ચર્ચા કરો કે જ્યાં કંઇક ગેરહાજર છે અને તેની સંખ્યાને ‘શૂન્ય’ તરીકે ઓળખવામાં આવે છે, જેમ કે વર્ગખંડમાં ૦ બસ છે. બાળકોને શરૂઆતમાં ૫ થી ૦ અને પછી ૯ થી ૦ સુધીની ઊંધી ગણતરી કરવા માટે પણ પ્રોત્સાહિત કરો





## દસમો જન્મદિવસ

આજે આસ્થાનો દસમો જન્મદિવસ છે. તેના પિતાએ તેના માટે હલવો તૈયાર કર્યો હતો. તે તેના મિત્રો સાથે જન્મદિવસની ઉજવણી કરી રહી છે.






હું ૯ વર્ષની છું અને વધુ ૧ વર્ષ પછી, હું ૧૦ વર્ષની થઈશ. તેથી, ૯ અને ૧ મળીને ૧૦ થાય છે.



તેણે તેના જન્મદિવસ પર ☐ દીવા પ્રગટાવ્યા છે.

વસ્તુઓની સંખ્યા ગણો અને લખો.











| ☐ | ☐ | ☐ | ☐ | ☐ |
|---|---|---|---|---|
| મણકા | લાડુ | રંગીન ચૉક | કેળાં | પાંદડાં |

## ચાલો કરીએ

ક. ગણો અને ૧૦ રંગીન મણકાની માળા બનાવો.

૧.



૨.



૩.



૪.



ખ. દસનું ચોકઠું બનાવવા માટે ખૂટતાં બટન દોરો.

૧.



૨.



૩.



૪.



## મજેદાર ૫ અને ૧૦

નમૂનાને અનુસરો અને લાકડી વડે અલગ પડેલી સંખ્યાની જોડ લખો

| | |
|---|---|
|  | ૧ અને ૪ |
|  | __ અને __ |
|  | __ અને __ |
|  | __ અને __ |
|  | __ અને __ |



### ચાલો, રમીએ !




૩ આંગળીઓ બતાવો. તમારા મિત્રને ૫ બનાવવા માટે બાકીની આંગળીઓ બતાવવી પડશે.

## ૧૦ની જોડી

ચાલો, આપણે બંને હાથ વડે આંગળીની રમત રમીએ. એક બાળક કેટલીક આંગળીઓ બતાવશે અને બીજા બાળકને વાળેલી આંગળીઓ જેટલી આંગળીઓ બતાવવા કહેશે.

નમૂનાને અનુસરો અને કોષ્ટકમાં સંખ્યાની જોડી લખો

| | | | |
|---|---|---|---|
|  |  | = |  |
| ૧ | ૯ | = | ૧૦ |
|  |  | = |  |
| | | = | |
|  |  | = |  |
| | | = | |
|  |  | = |  |
| | | = | |
|  |  | = |  |
| | | = | |



## ચાલો, કાર્ડની રમત રમીએ !

### સંખ્યાકાર્ડ (૦ થી ૧૦ના સમૂહો)

બધાં કાર્ડ એવી રીતે રાખો કે લખેલી સંખ્યા દેખાય નહીં. એક બાળક કાર્ડ ઉપાડે છે અને બધાંને દેખાય તે રીતે મૂકે છે. બીજું બાળક બીજું કાર્ડ ઉપાડે છે અને બધાંને દેખાય તે રીતે મૂકે છે. જો કાર્ડ પર લખેલી સંખ્યાની જોડ ૧૦ થાય, તો બીજું બાળક બંને કાર્ડ લઈ લે છે. હવે પહેલા બાળકનો વારો આવશે અને તે કાર્ડ ઉપાડશે. આ રીતે રમત ચાલુ રહેશે.



## ૨૦ સુધીની ગણતરી

સિમરન નાગપુરમાં રહે છે. તે નારંગીને પેકિંગ કરવામાં તેના પિતાની મદદ કરી રહી છે. એક ખોખામાં ૧૦ નારંગી રાખી શકાય છે. ચાલો, આપણે નારંગીની સંખ્યા ગણીએ.

| | | |
|---|---|---|
|  | ૧૦ | ૧૦ દસ |
|  | ૧૦ અને ૧ | ૧૧ અગિયાર |
|  | ૧૦ અને ૨ | ૧૨ બાર |

બાળકોને ૫ અને ૧૦ની સંખ્યાના ભાગ સમજવા અને યાદ રાખવા મૌખિક ગણતરી કરાવડાવો. ઉદાહરણ તરીકે, જો શિક્ષક ૨ કહે, તો બાળકે ૫ના ભાગ પાડીને ૩ જવાબ આપવો જોઈએ. એ જ રીતે, જો શિક્ષક ૪ કહે તો બાળકે ૧૦ના ભાગ પાડીને ૬ જવાબ આપવો જોઈએ. આ પછી બાળકોને ૧૦થી વધુની ગણતરી શરૂ કરવા કહો. બાળકોને એ હકીકત તરફ ધ્યાન દોરો કે દરેક સંખ્યા તેની તરતની પહેલાની સંખ્યા કરતાં હંમેશાં એક સંખ્યા વધુ હોય છે.



| | | |
|---|---|---|
|  | ૧૦ અને ૩ | ૧૩ તેર |
|  | ૧૦ અને ૪ | ૧૪ ચૌદ |
|  | ૧૦ અને ૫ | ૧૫ પંદર |
|  | ૧૦ અને ૬ | ૧૬ સોળ |
|  | ૧૦ અને ૭ | ૧૭ સત્તર |
|  | ૧૦ અને ૮ | ૧૮ અઢાર |
|  | ૧૦ અને ૯ | ૧૯ ઓગણીસ |
|  | ૧૦ અને ૧૦ | ૨૦ વીસ |

૧૧ થી ૨૦ સુધીની સંખ્યા લખો.

| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧૪ | | | | | ૧૯ | |
| | | | | | | ૧૭ | | | |
| ૧૧ | | | | | | | | | ૨૦ |
| | | ૧૩ | | | | | ૧૮ | | |
| | | | | ૧૫ | | | | | |
| | ૧૨ | | | | | | | ૧૯ | |

દસ અને એકમના જૂથનો ઉપયોગ કરીને ૨૦ સુધીની મૂર્ત વસ્તુઓની ગણતરી કરવામાં બાળકોને મદદ કરો. બાળકોને મુઠ્ઠીભર બીજ અથવા બટન આપો, જે ૨૦થી વધુ ન હોય. તેમને પહેલાં સંખ્યા ધારવા માટે કહો, પછી જૂથ બનાવીને ગણતરી કરવા કહો. તેમની સાથે ચર્ચા કરો કે તેમનું અનુમાન કેટલું નજીક હતું? બાળકોને તેમના અનુમાનના આધારે તર્ક કરવા દો.





## ગણો અને લખો

ક. ગણો અને જવાબ લખો.





ખ. આપેલી સંખ્યા દર્શાવવા માટે દસનાં ખાનાંમાં રંગ પૂરો.

**૧૪**

**૧૯**

**૧૬**

ગ. આપેલાં ખાનામાં ક્રમમાં સંખ્યા લખો.

| | | | |
|---|---|---|---|
| ૧ | | ૩ | |
| ૮ | | ૬ | |
| ૯ | | | ૧૨ |
| | ૧૫ | | |
| | | | ૨૦ |

ઘ. નીચેનાં ચિત્રોમાં દસના જૂથને ફરતે ◯ કરો અને યોગ્ય સંખ્યા સાથે જોડો.

| | |
|---|---|
|  | ૧૭ |
|  | ૧૬ |
|  | ૨૦ |
|  | ૧૦ |

ચ. મિત્રોના એક જૂથે રમતાં-રમતાં કેટલાક મિનારા બનાવ્યા.



૧. સૌથી ઊંચા મિનારા પર ✓ ની નિશાની કરો.

૨. કયા મિનારામાં સૌથી વધુ ખોખાંનો ઉપયોગ થયો છે ?
તેમાં વપરાયેલાં ખોખાંની સંખ્યા લખો.

૩. કયા મિનારામાં સૌથી ઓછાં ખોખાં (બૉક્સ)નો ઉપયોગ કરવામાં આવ્યો છે ? તેમાં વપરાયેલા ખોખાંની સંખ્યા લખો.



## ચાલો, કરીએ !

ક. સૌથી નાની સંખ્યા પર વર્તુળ બનાવો.

(૧) ૮, ૧૨, ૬ (૨) ૧૪, ૧૧, ૧૯

ખ. સૌથી મોટી સંખ્યા પર વર્તુળ બનાવો.

(૧) ૧૬, ૧૯, ૧૧ (૨) ૧૧, ૧૭, ૯

ગ. પંજાની નીચે છુપાયેલી સંખ્યા શોધીને લખો.

| | |
|---|---|
| ૧. | , ૧૫, ૧૬, , ૧૮ |
| ૨. | , ૧૨, , ૧૪, ૧૫ |
| ૩. | ૧૫, , , , ૧૯ |
| ૪. | ૧૩, , ૧૫, , |



ઘ. સૌથી મોટીથી શરૂ કરીને સૌથી નાની સુધીના ક્રમમાં સંખ્યા લખો. ૧૧, ૩, ૧૬, ૨૦, ૯

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

બાળકોને કઈ સંખ્યા મોટી છે તે જાતે નક્કી કરવા દો. તેમને પૂછો કે તેમણે આવું કેમ નક્કી કર્યું છે? બાળકોએ સમજવું જોઈએ કે ૧૫ એ ૧૧ કરતાં મોટા છે કારણ કે તે ૧૧ કરતાં ૪ વધુ છે અને તે જ રીતે ૨૦ સુધીની અન્ય સંખ્યાઓ માટે પણ કરો.



ચ. ચાલો, ગણતરી કરીએ અને લખીએ.





૧. બ્લોકની સંખ્યા

૨. સફેદ ટપકાંની સંખ્યા

છ. ૧ થી ૨૦ સુધીની સંખ્યાઓનાં ટપકાં જોડો.




શું તે પશુ છે કે પક્ષી ?



## પ્રોજેક્ટ કાર્ય

ક. તમારી આસપાસ જે વસ્તુઓ ૧૦ના જૂથમાં છે તેને શોધી કાઢો. ઉદાહરણ તરીકે ચાંલ્લાનું પત્તું, જેમાં ૧૦ ચાંલ્લા હોય.

ખ. બાળકોને જૂનાં પૂંઠાં કે નકામી વસ્તુઓનો ઉપયોગ કરીને તેમનાં પોતાનાં ૧૦ થી ૨૦ સુધીનાં સંખ્યાકાર્ડ બનાવવા માટે કહો.

બાળકોને ૧૦થી વધુ વસ્તુઓની ગણતરી કરતી વખતે ૧૦ના જૂથને ઓળખવા માટે પ્રોત્સાહિત કરો.





# ૫ કેટલા?

## દાદાજી સાથે સફર









બાળકોને ચિત્ર જોવા દો અને પૂછો કે બગીચામાં બાળકો કઈ કઈ પ્રવૃત્તિઓ કરે છે. તેઓ બગીચામાં જોવા મળતા લોકોની સંખ્યા વિશે પણ ચર્ચા કરી શકે છે. ઉદાહરણ તરીકે, પ્રથમ ચિત્રમાં કેટલાં બાળકો રમી રહ્યાં છે અને પછી કેટલાં બાળકો પાછળથી આવ્યાં ?  બાળકોને દાદા-દાદી સાથે સમય વિતાવવાનું મહત્ત્વ અને તેમના પ્રત્યે આદર કેવી રીતે દર્શાવી શકાય તેના વિશે ચર્ચા કરવા દો.



# કહો કુલ કેટલા ? ખાલી જગ્યા પૂરો.



૪ બાળકો અને ૨ બાળકો મળીને ___ બાળકો થાય છે.

૪ + ૨ = ☐



૩ ભમરડા અને ૧ ભમરડો મળીને ___ ભમરડા થાય છે.

૩ + ૧ = ☐



૩ કીડીઓ અને ૨ કીડીઓ મળીને ___ કીડીઓ થાય છે.

૩ + ૨ = ☐



૪ સીસાપેન અને ૩ સીસાપેન મળીને ___ સીસાપેન થાય છે.

૪ + ૩ = ☐

બાળકોને ઘણી બધી મૂર્ત સરવાળાની વસ્તુઓ સાથે પૂરતી તક આપો. બાળકોને વસ્તુઓનાં બે જૂથને જોડીને અને હાલના જૂથમાં વધુ વસ્તુઓ ઉમેરીને કુલ સંખ્યા શોધવા માટે પ્રોત્સાહિત કરો. બંને પ્રકારના સરવાળાનો મહાવરો કરાવો.



# ઉમેરો અને દોરો



૬ દડા અને ૨ દડા મળીને ____ દડા થાય છે.

૬ + ૨ = ☐



૭ + ૧ = ☐



## ચાલો ગણતરી કરીએ

ક. તમારા માતા અને પિતાને કુલ કેટલાં ભાઈ-બહેન છે ?

ખ. તમારા અને તમારા મિત્રના કુટુંબના કુલ કેટલા સભ્યો છે ?

ગ. તમારા બંને હાથ અને પગની કુલ કેટલી આંગળીઓ છે ?

ઘ. તમે તમારી આંગળીઓ વડે કેટલી સંખ્યાઓ ગણી શકો છો ?



બાળકોને સરવાળાના વાક્યોને સમજવા અને મોટેથી કહેવા માટે પ્રોત્સાહિત કરો. દાખલા તરીકે, ૪ બાળકો અને ૨ બાળકો મળીને ૬ બાળકો થાય છે, જેમાં 'મળીને' શબ્દ સરવાળા (+) અને 'કુલ' શબ્દને બરાબર(=)ના પ્રતીક સાથે જોડવામાં આવેલ છે. બાળકોને પ્રતીકાત્મક રજૂઆત અથવા સંખ્યાઓના સરવાળા તરફ આગળ વધતાં પહેલાં , 'કુલ', 'સરવાળો', 'મળીને' વગેરે શબ્દભંડોળ વિકસાવવામાં મૂર્ત વસ્તુઓ સાથે કામ કરવાની તકો પૂરી પાડવી જોઈએ.



## ગણતરી કરો અને આંગળીઓની કુલ સંખ્યા લખો.



૪ + ૩ =



૩ + ૨ =



૫ + ૩ =



૪ + ૦ =



૪ + ૪ =



## ચાલો રમીએ - પાસા સાથે સરવાળા

એકસાથે બે પાસા ફેંકો અને બંને પાસાનાં કુલ ટપકાંની સંખ્યા ગણો. હવે તમારા મિત્રને પાસા ફેંકવા અને ટપકાંની કુલ સંખ્યા ગણવા માટે કહો. કોનો સરવાળો વધુ છે, તે જાણો.







## ચાલો, કરીએ !

કિશોર અને નિત્યાએ પણ આ જ રમત રમી હતી અને તેમણે મેળવેલા સરવાળા લખેલા છે. કિશોર કેટલી વખત જીત્યો અને નિત્યાએ કેટલી વખત જીત મેળવી તે (✓) ની નિશાની કરીને જાણો.



| | કિશોર | નિત્યા |
|---|---|---|
| ક. | ✓ | |
| ખ. | | |
| ગ. | | |
| ઘ. | | |
| ચ. | | |





# મણકા અને માળા

નીચે આપેલી સંખ્યાઓ પ્રમાણે માળાના મણકામાં રંગ પૂરો અને રંગીન મણકાઓની કુલ સંખ્યા શોધો.

ક. ૩ + ૪ = 



ખ. ૪ + ૨ = 



ગ. ૫ + ૪ = 



ઘ. ૨ + ૭ = 



ચ. ૭ + ૩ = 



બાળકોને મણકાની માળાથી રમવા માટે પ્રોત્સાહિત કરો. સરવાળાની પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરો અને સરવાળા કરવા ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ પર ચર્ચા કરો.



# કૂદો અને સરવાળો કરો

૪ + ૨ =



૩ + ૨ =



૫ + ૩ =



૬ + ૩ =



## તમારી પોતાની રીતે ઉમેરો

અબ્દુલ અને રીહાના બે જુદી જુદી રીતે સંખ્યાઓ ઉમેરી રહ્યાં છે. સરવાળો કરવામાં તેમને મદદ કરો.



| | |
|---|---|
| ૨<br>+ ૩<br>____ | ૨ + ૩ = ____ |
| ૫<br>+ ૧<br>____ | ૫ + ૧ = ____ |
| ૩<br>+ ૩<br>____ | ૩ + ૩ = ____ |
| ૯<br>+ ૧<br>____ | ૯ + ૧ = ____ |

## ચાલો, કરીએ !

ક. ગોળ આકારમાં સંખ્યાની જોડીઓ ભરો.













કોણાર્કના સૂર્યરથનું પૈડું

ખ. ઉદાહરણ પ્રમાણે સંખ્યાઓને જોડો.

| | | |
|---|---|---|
| ૧ + ૪ | ૫ | ૪ + ૨ |
| ૬ + ૩ | ૬ | ૩ + ૪ |
| ૫ + ૨ | ૭ | ૩ + ૨ |
| ૦ + ૬ | ૯ | ૫ + ૪ |

## પ્રોજેક્ટ કાર્ય

૦ થી ૯ સુધીના દસ કાર્ડ લો.
કાર્ડને એવી રીતે ગોઠવો કે, તેમનો સરવાળો ૯ થાય.
આવું કરવાની ઘણી રીતો છે. તમે તેને કેટલી રીતે કરી શકો છો ?

☐ + ☐ = ૯

☐ + ☐ + ☐ = ૯

☐ + ☐ = ૯

## સરવાળા કરો

ક. રાઘવ  પાસે ૪ શંખ  છે અને સરિતા  પાસે ૫ શંખ  છે. તેમની પાસે કુલ કેટલા શંખ છે ? ☐

ખ. રણજિત પાસે ૩ લખોટીઓ  છે અને મીનાક્ષી પાસે ૬ લખોટીઓ  છે. તેમની પાસે કુલ કેટલી લખોટીઓ છે ? ☐

ગ. એક થેલીમાં ૩ નાળિયેર  છે બીજી થેલીમાં ૪ નાળિયેર  છે. બંને થેલીમાં મળીને કુલ કેટલાં નાળિયેર છે ? ☐

## ચાલો જોઈએ કે આપણા દફતરમાં શું છે?

તમારા મિત્ર સાથે આ પ્રવૃત્તિ કરો અને નીચે આપેલા જવાબો લખો.

ક. મારા દફતર  માં ........... પુસ્તક છે અને મારા મિત્ર પાસે ........... પુસ્તક છે. અમારા બંને પાસે કુલ ........... પુસ્તક છે.

ખ. મારી પાસે ........... સીસાપેન છે અને મારા મિત્ર પાસે ........... સીસાપેન છે. અમારી પાસે કુલ ........... સીસાપેન છે.

ગ. મારી પાસે ........... નોંધપોથી (નોટબુક) છે અને મારા મિત્ર પાસે ........... નોંધપોથી છે. અમારી પાસે કુલ ........... નોંધપોથી છે.



## વિચારો અને કરો

આપેલા કોષ્ટકમાં ૧, ૨ અને ૩ સંખ્યાઓને એવી રીતે લખો, જેથી દરેકનો સરવાળો ૬ થાય.






આ પ્રવૃત્તિ જોડીમાં હાથ ધરી શકાય છે. બાળકોને જાતે જ આવા પ્રશ્નો બનાવવા માટે અને જવાબો શોધવા માટે પ્રોત્સાહિત કરો. ઓરિસ્સામાં આવેલા વિશ્વના સૌથી જૂના કોણાર્કના સૂર્યમંદિર, વિશે પણ વર્ગમાં ચર્ચા કરો અને કોણાર્કનાં સૂર્યરથના ચક્રની છબી (પૃષ્ઠ ૫૬) નો પણ ઉલ્લેખ કરો.





# પાંચ નાનાં બાળકો

બસમાં બેઠાં બાળક પાંચ ,
બેઠાં-બેઠાં કરતાં નાચ.
એક ઉતર્યું ઘરની પાસ,
હાથમાં છે મોતીનો હાર,
બસમાં છે હવે બાળક ચાર.







બસમાં છે બાળક ચાર ,
ઝાડથી કરે છે ઘણું વહાલ.
એક ઉતર્યું ઘરની પાસ,
સ્વચ્છતાનું લીધું છે પ્રણ
બસમાં છે હવે બાળક ત્રણ.




બસમાં છે બાળક ત્રણ ,
તેમને ગમે છે નાનાં હરણ.
એક ઉતર્યું ઘરની પાસ,
ઘર તરફ દોડે છે તે,
બસમાં છે હવે બાળક બે.

બસમાં છે બાળક બે ,
ગીતો ગાય છે તે બે.
એક ઉતર્યું ઘરની પાસ,
તેના હાથમાં છે એક કેક,
બસમાં છે હવે બાળક એક.





બસમાં છે બાળક એક,
લાગી રહ્યું છે તે નેક.
એક ઉતર્યું ઘરની પાસ,
મા જોઇને ઊભી છે રાહ,
બસમાં નથી કોઈ બાળ.



## ચાલો ચર્ચા કરીએ

ક. બસમાં  શરૂઆતમાં કેટલાં બાળકો હોય છે ?

ખ. પહેલા સ્ટેન્ડ પર બસમાંથી કેટલાં બાળકો નીચે ઉતરે છે ?

ગ. પહેલા સ્ટોપ પછી બસમાં કેટલાં બાળકો બાકી છે ?

ઘ. બીજા સ્ટેન્ડ પછી કેટલાં બાળકો બાકી રહે છે? ત્રીજા, ચોથા અને પાંચમા સ્ટેન્ડ માટે પણ જવાબ આપો.

ચ. બસમાં અંતે કેટલાં બાળકો બાકી છે ?



## પ્રોજેક્ટ કાર્ય

તમારા ઘરમાં કુલ કેટલા સભ્યો છે ? તેમાંથી  કેટલા સભ્યો શાળાએ જાય છે ? કેટલા કામે જઈ રહ્યા છે ? અને કેટલા સભ્યો ઘરે રહે છે ?



## ચાલો, કરીએ !

# કેટલા વધ્યા?

ક. ખાલી જગ્યા પૂરો.

૧.







૬ દેડકા     ૨ દેડકા પાણીમાં કૂદ્યા     _____દેડકા બાકી રહ્યા

૬ - ૨ = ______

૨.







૭ ફુગ્ગા     ______ ઊડી ગયા     ૫ ફુગ્ગા બાકી રહ્યા

૭ - ૨ = ______

૩.







૯ કેળાં     ૬ કેળાં તોડી લીધાં     ___કેળાં બાકી રહ્યા

૯ - ૬ = ______

ખ. જે વસ્તુઓ વધી છે તે દોરો અને ખાલી જગ્યા ભરો.

૧.



____ કુંડા ____ કુંડા તૂટી ગયાં ____ કુંડા બાકી રહ્યાં

૩ – ______ = ______

૨.



૭ લાડુ ૪ લાડુ ખાધા ____ લાડુ બાકી રહ્યા

૭ - ૪ = ______

૩.



૭ દડા ______ દડા બાળકો લઈ ગયા ______દડા બાકી રહ્યા

૭ – ______ = ______

ગ. નીચેના પ્રશ્નોના જવાબ આપો.

૧. મનીષા  પાસે ૯ કેળાં  છે. તેણે ૩ કેળાં ખાધાં. હવે કેટલાં કેળાં વધ્યાં? ☐

૨. ફૂલો પર ૮ પતંગિયાં  છે. ૫ પતંગિયાં ઊડી ગયાં. કેટલાં પતંગિયાં બાકી છે ? ☐



## ચાલો, કરીએ !

તમારું પોતાનું દસ ટપકાંનું કાર્ડ બનાવો અને તમારાં મિત્રોથી તેમાંનાં થોડાં ટપકાં છુપાવો. તેમને પૂછો કે કેટલાં ટપકાં છુપાયેલાં છે ?



## કેટલાં ટપકાં છુપાયેલાં છે અને કેટલાં ટપકાં દેખાય છે ?

| કુલ ૧૦ ટપકાં | છુપાયેલાં ટપકાં | દેખાતાં ટપકાં |
|---|---|---|
|  | ૦ | ૧૦ |
|  | | |
|  | | |
|  | | |



## પ્રોજેક્ટ કાર્ય

બાળકોને ૮ ટપકાંવાળું ચોકઠું બનાવવા માટે કહો. હવે તેમના હાથ અથવા રૂમાલનો ઉપયોગ કરીને થોડાં ટપકાં છુપાવો અને જુઓ કે કેટલા ટપકાં છુપાયેલા છે અને કેટલાં ટપકાં દેખાય છે. શું સંખ્યાઓમાં કોઈ પેટર્ન છે ? આ પ્રવૃત્તિને અન્ય સંખ્યાઓ માટે પણ કરો. શું ટપકાં છુપાવ્યા વિના આ પ્રવૃત્તિ કરવી શક્ય છે ?

## સંખ્યાપટ્ટી પર પાછળની તરફ કૂદો અને સંખ્યા કહો.




ક. ૯ થી ૩ ડગલાં પાછળ કૂદો.




૯ - ૩ = ૬

ખ. ૭ થી ૪ ડગલાં પાછળ કૂદો.




૭ - ૪ = 

## બાદબાકી કરો.

ક. ૮ - ૨ = 

ઘ. ૬ - ૩ = 

ખ. ૭ - ૩ = 

ચ. ૫ - ૧ = 

ગ. ૯ - ૫ = 

છ. ૪ - ૨ = 



# ૬ શાકભાજીનું ખેતર

QRickit
0124CH06



રૂપા અને શામજી ખેતરમાંથી શાકભાજી કાઢવામાં એકબીજાને મદદ કરતાં હતાં. તેમણે ટોપલી લીધી અને શાકભાજી તોડ્યાં. ચાલો જોઈએ કે બંનેએ કેટલાં શાકભાજી કાઢ્યાં.



રૂપાની ટોપલી



શામજીની ટોપલી



બંનેની પાસે છે

ક. ૭ ટામેટાં અને ૫ ટામેટાં મળીને ૧૨ ટામેટાં થાય છે.

૭ + ૫=______





ખ. એક ટોપલીમાં ૯ ગાજર અને બીજી ટોપલીમાં ૪ ગાજર છે.

૯ + ૪ = ______





ગ. એક ટોપલીમાં ૮ મૂળા અને બીજી ટોપલીમાં ૮ મૂળા છે.

૮ + ૮ = _____



## પ્રોજેક્ટ કાર્ય

તમારા ઘર, શાળા અથવા નજીકના સ્થળે કોઈ પણ શાકભાજીના છોડ વાવો. તમારા અનુભવોની તમારા કુટુંબના સભ્યો સાથે ચર્ચા કરો અને છોડની સંભાળ રાખો. તમે કાગળ ઉપર ઉગતા છોડનાં ચિત્રો દોરો અથવા ચોંટાડો.

# મણકા અને માળા

## ચાલો, રમીએ !






## તમે આ સંખ્યાઓને મણકાની માળા પર કેવી રીતે ઉમેરશો તે બતાવો.

૧૩ + ૪ =




૧૪ + ૫ =



૬ + ૮ =



૫ + ૭ =



## કૂદો અને જોડો.

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ + ૫ = | ૧૩ | ૫ | + | ૩ | = ૮ |
| ૧૩ + ૩ = | | | + | | = ૧૩ |
| ૨ + ૧૬ = | | | + | | = ૧૦ |
| ૪ + ૧૨ = | | | + | | = ૧૮ |

### તમારી પોતાની રીતે ઉમેરો.

ક. સપના પાસે ૧૨ રંગીન સીસાપેન  છે અને ગૌરી પાસે ૬ રંગીન સીસાપેન  છે. તેમની પાસે કુલ કેટલી રંગીન સીસાપેન છે ?




સપનાએ ૧૨ થી વધુ ૬ ની ગણતરી કરી અને ૧૮ મેળવ્યા.

૧૨ + ૬ = ૧૮

સરવાળાની પ્રક્રિયાની ચર્ચા કરો. બાળકો ૧૨ ની ગણતરી કેવી રીતે કરે છે અને પછી ૪ નો ઉમેરો કેવી રીતે કરે છે? તેઓ જે યુક્તિઓનો ઉપયોગ કરી રહ્યા છે તેની ચર્ચા કરો.



ગૌરીએ આ રીતે કર્યું

૧૨ + ૬

૧૦ + ૨ + ૬

૧૦ + ૮ = ૧૮

તમે બીજી રીતે સરવાળા કરી શકો છો ?

પ્રયત્ન કરો અને તમારા શિક્ષક સાથે ચર્ચા કરો.




ખ. અમન પાસે ૮ લાડુ છે અને ચરણજિત ૬ લાડુ લાવ્યો છે. બંને પાસે કુલ કેટલા લાડુ છે ? ☐



ગ. મેરીની પાસે ૧૨ બંગડી છે, તેણે તેની બહેન પાસેથી વધુ ૬ બંગડી લીધી. હવે તેની પાસે કેટલી બંગડી થઈ ? ☐





## ચાલો કરીએ

તમે ઉજાણીમાં શું લઇ જવા માંગો છો ? તમારા મિત્ર સાથે ચર્ચા કરો. તમે ઉજાણી પર જતી વખતે જે વસ્તુઓ સાથે લઈ જવા માંગતા હો તે વસ્તુઓ દોરો અને આપેલી જગ્યામાં ખાવાની વસ્તુઓની કુલ સંખ્યા લખો.

# બાદબાકી

કેટલીક વધુ સંખ્યાઓ સાથે બાદબાકી કરો.



૧૫ - ૯ = ૬

| | | | |
|---|---|---|---|
| ક. |  ૧૬ - ૪ = ☐ | ખ. |  ૧૨ - ૫ = ☐ |
| ગ. |  ૧૪ - ૭ = ☐ | ઘ. |  ૧૬ - ૬ = ☐ |
| ચ. |  ૧૫ - ૫ = ☐ | છ. | ૧૫ - ૦ = ☐ |
| જ. | ૧૭ - ૯ = ☐ | ઝ. | ૧૩ - ૩ = ☐ |

# આગળ કૂદો, પાછળ કૂદો

અંજલિ અને રેણુ કૂદકા મારવાની રમત રમી રહ્યા છે.






## ચાલો, કરીએ !

રમતના મેદાનમાં અથવા ઘેર એક સંખ્યાપટ્ટી બનાવો અને એક જ જગ્યાએ પહોંચવાના જુદાજુદા રસ્તા વિશે વિચારો.

**સરવાળા કરો, બાદબાકી કરો અને ઉદાહરણ પ્રમાણે જોડો.**

| | | |
|---|---|---|
| ૮ + ૭ | ૧૨ | ૧૫ – ૩ |
| ૯ + ૯ | ૧૫ | ૧૮ – ૧ |
| ૧૦ + ૨ | ૧૪ | ૧૭ – ૨ |
| ૧૬ + ૧ | ૧૭ | ૧૮ – ૦ |
| ૧૧ + ૩ | ૧૮ | ૧૬ – ૨ |

આવા બીજા પ્રશ્નો બનાવો અને બાળકોને આ પ્રશ્નોના ઉકેલ માટે તેમની પોતાની આગવી રીતોનો ઉપયોગ કરવા દો.



## વ્યવહારુ કોયડો

**તમારા જવાબ ખાનાંમાં લખો.**

ક. એક કુંભાર પાસે ૯ દીવા હતા. તેણે ૫ દીવા વેચ્યા. પછી તેણે વધુ ૭ દીવા બનાવ્યા. હવે તેની પાસે કેટલા દીવા હશે ? [ ]



ખ. પહેલા બસસ્ટેશનેથી ૬ બાળકો બસમાં બેસે છે. બીજા બસસ્ટેશનેથી બીજાં ૮ બાળકો બસમાં ચઢે છે. ત્રીજા બસસ્ટેશને ૭ બાળકો નીચે ઉતરે છે, તો હવે બસમાં કેટલાં બાળકો હશે ? [ ]




ગ. બસમાં ૧૮ બેઠકો છે. જો તેમાં ૯ બાળકો પહેલેથી જ બેઠાં હોય, તો બસની અંદર હજુ કેટલાં બાળકો બેસી શકે ? [ ]

ઘ. કુલજિત તેના ડબ્બામાં ૧૪ ટોફી (ચૉકલેટ) લઈને આવી હતી. તેણે તેની બહેનપણીઓને કેટલીક ટોફીઓ વહેંચી. તેની પાસે ૬ ટોફી વધી હતી. તેણે તેની બહેનપણીઓને કેટલી ટોફી વહેંચી હશે ? [ ]

ચ. રમણની પાસે ૧૨ કેળાં હતાં અને તેમાંથી તેણે થોડાં કેળાં ખાધાં. તેની પાસે હવે ૫ કેળાં વધ્યાં છે. તેણે કેટલાં કેળાં ખાધાં હશે ? [ ]

# ૭ લીનાનો પરિવાર

## લીનાના પરિવારનો મેળાપ

લીના તેના પરિવાર સાથે એક ગામમાં રહે છે. તે તેનાં દાદા-દાદી, માતાપિતા અને ભાઈ લલિત સાથે રહે છે. તેના કાકા, કાકી અને પિતરાઇ ભાઈ-બહેન તેમના ઘરની નજીક રહે છે.



લીના પાટલા પર ઊભી છે. તેને લાંબા દેખાવું ગમે છે. પરિવારના સૌથી ઊંચા સભ્યને શોધો અને તેની ફરતે ગોળ કરો.

## પરિવારના તમામ સભ્યોને મળવા માટે લીનાના પરિવારે આમંત્રણ આપ્યું હતું.





### ચાલો, ચર્ચા કરીએ !

ક. લીનાના પરિવારમાં કેટલા સભ્યો છે ?

ખ. કુટુંબના સૌથી ઊંચા સભ્ય પર ખરાંની નિશાની કરો.

ગ. પરિવારના સૌથી નીચા સભ્ય પર ટોપી  દોરો.

ઘ. કોણ લીનાની માતા કરતાં ઊંચા છે પણ લીનાના પિતાજી કરતાં નીચા છે ?

ચ. તમારા કુટુંબમાં સૌથી ઊંચું અને સૌથી નીચું સભ્ય કોણ છે ?

છ. તમારા વર્ગમાં સૌથી ઊંચું બાળક કોણ છે ?

જ. તમારા વર્ગખંડમાં કેટલાં બાળકો તમારા કરતાં ઊંચા છે ?




લીના ડુંગરાળ વિસ્તારમાં ઝૂંપડા આકારના મકાનમાં રહે છે. શું તમે ચિત્રમાં તેના ઘરને શોધી શકો છો ? ચિત્રને જોઈને સાચા વિકલ્પ પર વર્તુળ કરો :

ક. તેનું ઘર દુકાનથી સૌથી **નજીક/દૂર** છે અને શાળાથી સૌથી **નજીક/દૂર છે**.

ખ. શાળા દુકાનથી સૌથી **નજીક/દૂર** છે અને લાલ છતના મકાનથી સૌથી **નજીક/ દૂર** છે.

ગ. બાળક સ્કૂલબસથી સૌથી **નજીક/દૂર** છે અને શાળાથી સૌથી **નજીક/ દૂર** છે.

## અદ્‌ભુત હકીકતો

આ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા છે જેને 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' પણ કહેવામાં આવે છે. તે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે અને ભારતના ગુજરાત રાજ્યમાં આવેલી છે.





## ચાલો, કરીએ !

ક. જે સૌથી લાંબું છે તેના પર ✓ નિશાની કરો.

૧.



૨.



ખ. જે સૌથી ટૂંકું છે તેના પર ✓ નિશાની કરો.

૧.



૨.



ગ. જે સૌથી જાડું છે તેના પર ✓ નિશાની કરો.

૧.



૨.



ઘ. જે સૌથી પાતળું છે તેના પર ✓ નિશાની કરો.

૧.



૨.





## વિચારો અને કરો

આના કરતાં પણ લાંબી લાકડી અથવા વાંસ દોરો —



આના કરતાં ટૂંકું દોરડું દોરો—



દાદી ચિત્રાના સ્વેટરની લંબાઈ હાથની વેંતથી ચકાસી રહ્યાં છે.




ચિત્રા હાથની વેંતનો ઉપયોગ કરીને લાકડી, મેજ (ટેબલ), સીસાપેન અને નોંધપોથીની લંબાઈ પણ જાણવા માંગે છે.











## વિચારો અને જવાબ આપો

ક. મારું મેજ __________ વેંત લાંબું છે.

ખ. મારું દફતર __________ વેંત લાંબું છે.

ગ. મારા વર્ગખંડમાં કાળુંપાટિયું __________ વેંત લાંબું છે.

ઘ. મારી ગણિતની ચોપડી __________વેંત લાંબી છે.

ચ. મારો હાથ __________ વેંત લાંબો છે.

છ. મારા મિત્રનો હાથ __________ વેંત લાંબો છે.

શું ચિત્રા આ બધી વસ્તુઓની લંબાઈ શોધવા માટે હાથની વેંતનો ઉપયોગ કરી શકે છે? જાણો કે તમારી આસપાસની કઈ વસ્તુઓ હાથની વેંત કરતા ટૂંકી છે અને તેના પર વર્તુળ દોરો. શું આપણે આ વસ્તુઓની લંબાઈ શોધવા માટે આંગળીઓનો ઉપયોગ કરી શકીએ ?





## ચાલો, કરીએ !

આ વસ્તુઓની લંબાઈ શોધવા માટે તમે હાથની વેંત અથવા આંગળીઓ બેમાંથી શું પસંદ કરશો અને શા માટે ? કોષ્ટકમાં તમારા વિકલ્પ ફરતે ગોળ કરો. આ વસ્તુઓની લંબાઈ શોધતાં પહેલાં અનુમાન કરવાનો પ્રયાસ કરો.

| વસ્તુઓનાં નામ | તમે શેનો ઉપયોગ કરશો તેના પર વર્તુળ બનાવો. | મારું અનુમાન | મારાં તારણો |
|---|---|---|---|
| બાટલી (વોટરબેગ)  |  વેંત કે આંગળીઓ | | |
| ચમચો  |  વેંત કે આંગળીઓ | | |
| સીસાપેન (પેન્સિલ)  |  વેંત કે આંગળીઓ | | |
| મારા મિત્રનું નાક  |  વેંત કે આંગળીઓ | | |
| પગ  |  વેંત કે આંગળીઓ | | |
| ચાવી  |  વેંત કે આંગળીઓ | | |

| પગલાં દ્વારા માપો | પગલાંનું મારું અનુમાન | પગલાંનાં મારાં તારણો |
|---|---|---|
| મારી બેઠક અને વર્ગખંડના દરવાજા વચ્ચેનું અંતર | | |
| વર્ગખંડની એક બાજુ | | |
| પલંગ અને શૌચાલય વચ્ચેનું અંતર | | |
| તમારા ઓરડાની બે દીવાલો વચ્ચેનું અંતર | | |





## ચાલો, કરીએ !

ક. ભારે વસ્તુઓ પર ✓ નિશાની કરો.

૧.



૨.



ખ. હલકી વસ્તુઓ પર ✓ નિશાની કરો.

૧.




૨.



ગ. ભારે વસ્તુમાં રંગ પૂરો.

૧.



૨.



૩.



૪.



ઘ. હલકી વસ્તુમાં રંગ પૂરો.

૧.



૨.



૩.



૪.





## ચાલો, ચર્ચા કરીએ !

ક. તમારા અને તમારા મિત્રમાં કોણ ભારે છે ? તમે કેવી રીતે શોધી કાઢશો ? વર્ગમાં ચર્ચા કરો.

ખ. તમારું વજન શોધો. શું તમે કહી શકો છો કે તમારું વજન સામાન્ય રીતે કેવી રીતે અને ક્યાં તપાસવામાં આવે છે ?



## ચાલો, કરીએ !

**ક. ડોલમાં પાણી ભરો.**



૧. _______ જગ પાણી ડોલને ભરી દેશે.

૨. _______ પ્યાલા પાણી ડોલને ભરી દેશે.

૩. _______ વાટકા પાણી ડોલને ભરી દેશે.

**ખ. નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

૧. તમારી પાણીની બાટલી (બોટલ)માં કેટલા પ્યાલા પાણી ભરાશે ?

_______

૨. હવે તમારા મિત્રની પાણીની બાટલીમાં એ જ પ્યાલાથી પાણી ભરો. તમારા મિત્રની બાટલીમાં કેટલા પ્યાલા પાણી ભરાશે ?_______

૩. કઈ બાટલીમાં વધુ પાણી ભરાય છે ? _______

૪. બીજી બાટલીમાં પણ પાણી ભરી જુઓ. કઈ બાટલીમાં પાણી ઓછું સમાય છે ?

**ગ. જેમાં વધુ પાણી સમાય છે તેના પર વર્તુળ બનાવો.**











## ઘ. પાણી આપણા માટે ખૂબ જ ઉપયોગી છે. ચર્ચા કરો.

આપેલ પ્રવૃત્તિઓ માટે તમારે જરૂરી પાણીની માત્રા પર ✓ નિશાની કરો.

૧.



દાંત સાફ કરવા માટે



પાણીથી ભરેલી ડોલ



પાણીથી ભરેલો મગ

૨.



સ્નાન કરવા માટે



પાણીથી ભરેલી ડોલ



પાણીથી ભરેલ ટાંકી

૩.



૨ પ્યાલા લીંબુપાણી તૈયાર કરવા માટે



પાણીથી ભરેલો જગ



પાણીથી ભરેલી એક ડોલ

૪.



છોડને પાણી પાવા માટે



પાણીથી ભરેલો મગ



પાણીથી ભરેલી એક ડોલ



## પ્રોજેક્ટ કાર્ય

ક. ફુવારા અથવા નળના વહેતાં પાણીને બદલે સ્નાન કરવા માટે ડોલમાં પાણી લેવું શા માટે મહત્ત્વનું છે તેની ચર્ચા કરો.

ખ. પટ્ટીનો એક ભાગ ટૂંકો અને બીજો ભાગ લાંબો કરવા માટે રંગબેરંગી કાગળની પટ્ટીઓને ફાડીને ચોંટાડો. પટ્ટીઓ જુદાં જુદાં માપની હોવી જોઈએ.

| **ટૂંકી**<br>આ ટૂંકી છે | **લાંબી**<br>આ લાંબી છે |
|---|---|
| | |

ગ. જે વસ્તુઓ ઊંચકવી સરળ છે અને જેમને ઊંચકવી મુશ્કેલ છે તેવી વસ્તુઓની યાદી બનાવો.

| **ઊંચકવામાં સરળ** | **ઊંચકવામાં મુશ્કેલ** |
|---|---|
| | |
| | |
| | |

ઘ. જુદા જુદા આકારની બાટલીઓ, વાટકા અને પ્યાલા ભેગા કરો. હવે જુઓ કે કેટલા પ્યાલા કે વાટકાથી પાણીની બાટલી ભરાય છે ? કયા વાસણમાં સૌથી વધુ પાણી ભરાય છે ?

બાળકોને પૂછો કે તેઓ એક દિવસમાં કેટલા પ્યાલા પાણી પીવે છે. તેમની આસપાસ થતા પાણીના બગાડ વિશે બાળકો સાથે ચર્ચા કરો અને તેમને જાગૃત કરો. જો પ્યાલામાં પાણી વધ્યું હોય તો તેઓ શું કરશે? આપણે તેને ફેંકી દેવું જોઈએ કે છોડને પાવું જોઈએ? પાણીને બચાવવા માટેની અન્ય બાબતોની પણ ચર્ચા કરો જેમ કે ઉપયોગમાં ન હોય ત્યારે નળ બંધ કરવો, પાણીનો ફરીથી ઉપયોગ કરવો વગેરે.






# સંખ્યાની રમત

સિમરન ખોખાંમાં નારંગી ગોઠવતી હતી. દરેક ખોખામાં ૧૦ નારંગી સમાય છે. તેને કેટલાં ખોખાંની જરૂર પડશે ?



## સિમરને તેને ખોખાંમાં પેક કરી.



## શું તમે જાણો છો કે તેમાં કેટલી નારંગી છે ?

| | | |
|---|---|---|
|  |  | **૨૧**<br>**એકવીસ** |
|  |  | **૨૨**<br>**બાવીસ** |





તેવીસ





૨૪
ચોવીસ





પચીસ





છવ્વીસ





૨૭
સત્તાવીસ

| | | |
|---|---|---|
|  |  | ૨૮<br>અઠ્ઠાવીસ |
|  |  | <br>ઓગણત્રીસ |
|  |  | ૩૦<br>ત્રીસ |

## ૨૧ થી ૩૦ લખો

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | | | | ૨૫ | | | | | |
| | | ૨૩ | | | | | | | ૩૦ |
| | ૨૨ | | | | | ૨૭ | | | |

## ચાલો, આપણે ફૂલોની સંખ્યા અને લીમડાનાં દાતણની સંખ્યા ગણીએ





### સંખ્યા ૩૧ થી ૫૦

| | | | |
|---|---|---|---|
|  | ૩૧ એકત્રીસ |  | ૩૬ છત્રીસ |
|  | ૩૨ બત્રીસ |  | સાડત્રીસ |
|  | તેત્રીસ |  | આડત્રીસ |
|  | ચોત્રીસ |  | ૩૯ ઓગણચાળીસ |
|  | ૩૫ પાંત્રીસ |  | ૪૦ ચાળીસ |

| | | | |
|---|---|---|---|
|  | ૪૧<br>એકતાળીસ |  | ૪૬<br>છેતાળીસ |
|  | ☐<br>બેતાળીસ |  | ☐<br>સુડતાળીસ |
|  | ૪૩<br>તેંતાળીસ |  | ☐<br>અડતાળીસ |
|  | ☐<br>ચુંમાળીસ |  | ૪૯<br>ઓગણપચાસ |
|  | ૪૫<br>પિસ્તાળીસ |  | ૫૦<br>પચાસ |



## ચાલો, આપણે કરીએ !

ક. ૧ થી ૫૦ પૈકીનું કોઈ પણ સંખ્યાકાર્ડ ઉપાડો. શું તમે તે કાર્ડને ક્લિપની મદદથી મણકાની માળા પર યોગ્ય જગ્યાએ લટકાવી શકો છો ?

ખ. મણકાની માળામાં લટકાવેલા કાર્ડ પર સંખ્યા લખો.



## ગણો અને લખો.







## દસનાં ચોકઠાંને સંખ્યા મુજબ ભરો. તમારા માટે એક પહેલેથી જ કરવામાં આવ્યું છે.

૨૯
ઓગણત્રીસ



૪૧
એકતાળીસ



૩૦
ત્રીસ



૨૧ થી ૫૦ સુધીની સંખ્યાઓની સમજ તથા દશકની સમજ માટે મણકાની માળાનો ઉપયોગ કરો. બાળકોને મણકાની માળા કે સંખ્યારેખાની મદદથી આપેલ સંખ્યાથી પહેલાની સંખ્યા (ઉપલા ક્રમની) ગણતરી કરવા માટે પ્રોત્સાહિત કરો. એકવાર તેઓ આત્મવિશ્વાસ પ્રાપ્ત કરશે, તો તેઓ મણકાની માળાના ઉપયોગ વગર પણ ગણતરી કરી શકશે.





## ખૂટતી સંખ્યા લખો.






## પ્રોજેક્ટ કાર્ય

ફરજાનાએ કહ્યું કે તેની દીવાસળીની પેટીમાં પચાસથી વધુ આશ્ચર્યજનક વસ્તુઓ ભરી છે. તેની બહેનપણીને આશ્ચર્ય થયું કે આ વસ્તુઓ કઈ હોઈ શકે ? તેણે દીવાસળીની પેટી ખોલી ત્યારે તેઓ ચોંકી ગયા.

તમે કેટલી વસ્તુઓ એકત્રિત કરી શકો છો અને જુઓ કે, દીવાસળીની પેટીમાં કેટલી વસ્તુઓ સમાઈ શકે છે ?





## ૫૧ થી ૯૯ સુધીની સંખ્યા

અંકિતા તેના ઘર પર આભલાં ચોંટાડી રહી છે. તેણે ડિઝાઇન બનાવવામાં કેટલાં આભલાંનો ઉપયોગ કર્યો છે તે શોધવા માટે તેને મદદ કરો. [ ]



### ૫૧ થી ૬૦ સુધીની સંખ્યાની ગણતરી કરો અને લખો

| | | | |
|---|---|---|---|
|  | ૫૧ એકાવન |  | [ ] છપ્પન |
|  | ૫૨ બાવન |  | [ ] સત્તાવન |
|  | [ ] તેપન |  | [ ] અઠ્ઠાવન |
|  | [ ] ચોપન |  | ૫૯ ઓગણસાઠ |
|  | [ ] પંચાવન |  | ૬૦ સાઠ |

## ૬૧ થી ૮૦ સુધીની સંખ્યાઓની ગણતરી કરો અને લખો

| | | | |
|---|---|---|---|
|  | ૬૧<br>એકસઠ |  | ૭૧<br>ઇકોતેર |
|  | ૬૨<br>બાસઠ |  | ૭૨<br>બોતેર |
|  | ત્રેસઠ |  | તોતેર |
|  | ચોસઠ |  | ૭૪<br>ચુમોતેર |
|  | પાંસઠ |  | ૭૫<br>પંચોતેર |
|  | છાસઠ |  | છોતેર |
|  | સડસઠ |  | સિત્તોતેર |
|  | અડસઠ |  | ૭૮<br>ઇઠ્ઠોતેર |
|  | ઓગણસિત્તેર |  | ઓગણ્યાએંશી |
|  | ૭૦<br>સિત્તેર |  | ૮૦<br>એંશી |

## ૮૧ થી ૧૦૦ સુધીની સંખ્યાની ગણતરી કરો અને લખો

| | | | |
|---|---|---|---|
|  | ૮૧<br>એક્યાશી |  | ૯૧<br>એકાણું |
|  | બ્યાશી |  | બાણું |
|  | ૮૩<br>ત્યાશી |  | તાણું |
|  | ચોર્યાશી |  | ચોરાણું |
|  | પંચ્યાશી |  | ૯૫<br>પંચાણું |
|  | ૮૬<br>છ્યાશી |  | છન્નું |
|  | સત્યાશી |  | ૯૭<br>સત્તાણું |
|  | અઠ્યાશી |  | અઠ્ઠાણું |
|  | ૮૯<br>નેવ્યાશી |  | નવ્વાણું |
|  | ૯૦<br>નેવું |  | ૧૦૦<br>સો |

## ચાલો, કરીએ !

એક છેડેથી બીજા છેડે એક મણકાની માળા બાંધો. કોઈ પણ એક સંખ્યાકાર્ડ (૧ થી ૯૯) લો. એ સંખ્યાકાર્ડને ક્લિપ વડે યોગ્ય સ્થાન પર લટકાવો. બીજા સંખ્યાકાર્ડનો ઉપયોગ કરી, તમારા મિત્રો સાથે આ રમત રમો.




સંખ્યાઓ ઉમેરવા માટે મણકાની માળાનો ઉપયોગ કરો. બાળકોને કોઈ પણ બે સંખ્યાઓ વચ્ચેની સંખ્યાઓ વિશે પૂછો.

## ગણતરી કરીને સંખ્યા લખો.







## ખૂટતી સંખ્યા લખીને સાપસીડીની રમત બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૦ | | ૯૮ | ૯૭ | ૯૬ | ૯૫ | | | ૯૨ | |
| ૮૧ | ૮૨ | ૮૩ | ૮૪ | | ૮૬ | ૮૭ | ૮૮ | | ૯૦ |
| ૮૦ | ૭૯ | | ૭૭ | ૭૬ | | ૭૪ | ૭૩ | ૭૨ | ૭૧ |
| ૬૧ | ૬૨ | ૬૩ | | ૬૫ | ૬૬ | | ૬૮ | ૬૯ | |
| | ૫૯ | ૫૮ | | ૫૬ | | ૫૪ | ૫૩ | ૫૨ | ૫૧ |
| ૪૧ | ૪૨ | ૪૩ | | ૪૫ | | | ૪૮ | | ૫૦ |
| ૪૦ | | ૩૮ | ૩૭ | ૩૬ | | ૩૪ | ૩૩ | ૩૨ | ૩૧ |
| ૨૧ | ૨૨ | | ૨૪ | ૨૫ | | ૨૭ | ૨૮ | | ૩૦ |
| ૨૦ | ૧૯ | ૧૮ | ૧૭ | ૧૬ | ૧૫ | | ૧૩ | ૧૨ | ૧૧ |
| ૧ | ૨ | ૩ | | ૫ | ૬ | | ૮ | ૯ | |

આ રમત બહાર રમી શકાય છે (જેમાં ચૉકથી ચોરસ ખાનાં બનાવીને તેમાં ખસેડી શકાય તેવી લાકડીઓની સીડી અને દોરીનો લપસણી તરીકે ઉપયોગ કરવામાં આવે છે). કેટલાંક કાર્ય કાર્ડ ચોરસ પર મૂકી શકાય છે. સૂચનાઓમાં પણ ફેરફાર કરી શકાય છે. જેમ કે, તમારી જમણી બાજુ એક સંખ્યા છોડીને કૂદો અથવા જ્યાં સંખ્યાની અદલા-બદલી થઈ હોય તે સંખ્યા પર કૂદો વગેરે.



## ચિત્ર જુઓ





## ચાલો, ચર્ચા કરીએ !

ક. ચિત્રમાં શું બની રહ્યું છે તેનું નિરીક્ષણ કરો અને તેની ચર્ચા કરો.

ખ. આપેલ ચિત્રમાં તમને જુદી જુદી કઇ વસ્તુઓ દેખાય છે ?

ગ. ચિત્રમાં કેટલાં મકાન છે ?

ઘ. ચિત્રમાં કેટલા લોકો છે ?

ચ. ઝાડ પર પાંદડાં દોરવા માટે કેટલી લીટીઓનો ઉપયોગ થયો છે તે ધારો.

છ. શું તમે આ પ્રકારની ચિત્રકલાનું ખાસ નામ જાણો છો ?

જ. ગુજરાતનો કયો ભાગ ‘વારલી’ ચિત્રકારી માટે પ્રખ્યાત છે ?

## તમારું પોતાનું વારલી ચિત્ર બનાવો.







૯

# તહેવાર

0124CH09



ભારતીય કૅલેન્ડર અનુસાર ઉત્તરાયણના તહેવારની જેમ, મકરસંક્રાંતિ, પોંગલ, બિહુ અને લોરી શિયાળાથી ઉનાળાની ઋતુ તરફ જવાનો સંકેત બતાવે છે. આ તહેવારો ગરમીના દિવસો પાછા આવવાની અને લણણીની મોસમની શરૂઆત સૂચવે છે. બાળકો દ્વારા ઉજવવામાં આવતા વિવિધ સ્થાનિક તહેવારોની તેમના પરિવાર સાથે ચર્ચા કરવાનું કહો.આ ચિત્રમાં  દરેક તહેવારની ઉજવણીના મુખ્ય તત્ત્વો, વસ્તુઓ, શણગાર, નૃત્ય કરતા લોકો વગેરે પર બનેલી વિવિધ આકૃતિ અને પૅટર્ન આપેલી છે. તેના પર બાળકો સાથે ચર્ચા કરી શકાય છે.



## વધુ ચિત્રો દોરીને પૅટર્નને વિસ્તૃત કરો.

ક. 

ખ. 

ગ. 

ઘ. 

ચ. 

છ. 

જ. 

ઝ. 

બાળકોને પૅટર્ન બનાવવા માટે મૂર્ત વસ્તુઓનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરો.





## ચાલો, કરીએ !

મુન્નાને  રંગપૂરણીનો ખૂબ જ શોખ છે. તેણે પોતાના અંગૂઠા અને આંગળીઓની છાપનો ઉપયોગ કરીને એક પૅટર્ન બનાવી. તમે પણ આપેલ જગ્યામાં તમારી આંગળીની છાપનો ઉપયોગ કરીને આના જેવી પૅટર્ન બનાવી શકો છો.















**ગુલાબી રંગ પછી કયો રંગ આવવો જોઈએ અને શા માટે ? ચર્ચા કરો.**

બાળકોને વિવિધ શાકભાજી એકત્રિત કરવા અને પછી વડીલોની મદદથી કાપવા માટે કહો. આ શાકભાજીના કાપેલા ટુકડાઓનો ઉપયોગ કરીને તમારી પસંદગીની પૅટર્ન બનાવવા માટે પ્રોત્સાહિત કરો.



પેટર્નને સમજો અને રંગ કરીને તેને આગળ વધારો.



પેટર્ન પૂર્ણ કરો.



## પૅટર્નનો અભ્યાસ કરો અને ખૂટતી સંખ્યા ભરો.


















**મૂર્તિ અને વાણી તેમની માતાને ભાતચિત્ર માટે ટપકાં મૂકવામાં (કોલમ)કે રંગોળી બનાવવામાં મદદ કરી રહ્યા છે. તમે પણ નીચે આપેલા ભાતચિત્રના ટપકાં પૂર્ણ કરીને તેમને મદદ કરી શકો છો.**





## પ્રોજેક્ટ કાર્ય

ક. કાંકરા, ફૂલો, પાંદડાં, પ્યાલા, લાકડીઓ, બંગડીઓ, સિક્કા, ટોપીઓ વગેરે વસ્તુઓ એકઠી કરીને એક પૅટર્નમાં ગોઠવી દો. તમે પણ ઘરેણાં, ફૂલદાનીની ગોઠવણી, કલાપ્રદર્શન વગેરેની પૅટર્ન બનાવો.

ખ. પાંદડા, પતંગિયાં, પ્રાણીઓની ચામડી (બિલાડી, કૂતરો, ઝિબ્રા, વાઘ), પડદા, સાડી, દુપટ્ટા, તક્તીઓ, મધપૂડો વગેરે જેવી રચનાઓનું પ્રકૃતિમાં અવલોકન કરો અને શોધો.

ગ. આસપાસ દેખાતી જુદી જુદી વસ્તુ એકઠી કરો અને કોલાજ બનાવો.

ઘ. વિવિધ ક્રિયાઓ જેમ કે તાળીઓ પાડવી, ચપટી વગાડવી, જમીન પર જોરથી પગ પછાડવો વગેરે ક્રિયાઓનો ઉપયોગ કરીને પૅટર્ન બનાવો.

આપણી આસપાસની દુનિયા આકારોથી ભરેલી છે. બાળકોને મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા અને તેમની આસપાસનાં સ્મારકોમાં સુંદર નમૂનાઓનું અન્વેષણ કરીને ભારતના સમૃદ્ધ વારસાને માણવા માટે પ્રોત્સાહિત કરો. તેમને વિવિધ કલાસ્વરૂપો, નૃત્યસ્વરૂપોમાં હલનચલનની પૅટર્ન વગેરેના તેમનાં અવલોકનો પણ જણાવવા કહો.



# મારી દિનચર્યા






નમસ્તે મિત્રો, હું પીહુ છું. હું ૬ વર્ષની છું. આજે હું સવારથી રાત સુધી શું કરું છું તેની મારી દિનચર્યા તમને બતાવીશ.

જુઓ, આકાશમાં સૂરજ ઊગી રહ્યો છે. સવાર થઈ ગઈ છે.





હું સવારે પથારીમાંથી ઊઠું છું અને એક પ્યાલો નવશેકું પાણી પીઉં છું.

મારા દિવસની શરૂઆત યોગ અથવા કસરતથી થાય છે.





પછી, હું દાંત સાફ કરું છું અને સ્નાન કરું છું.

હું નાસ્તો કરું છું અને શાળાએ જવા માટે તૈયાર થાઉં છું.





હું શાળામાં મારા સહપાઠીઓ સાથે અભ્યાસ કરું છું અને રમું છું.





આકાશમાં સૂર્ય ઉપર આવી ગયો છે. બપોરનો સમય છે. હું મારા હાથ ધોઉં છું અને મારા મિત્રો સાથે બપોરનું ભોજન કરું છું.

હું શાળાએથી ઘરે પાછી આવું છું અને થોડો સમય આરામ કરું છું.







જુઓ, સૂરજ આથમી રહ્યો છે. સાંજનો સમય છે. હું મારા મિત્રો સાથે રમું છું અને પછી હું અભ્યાસ કરું છું.

ત્યાં જુઓ, આકાશમાં ચંદ્ર અને તારાઓ દેખાય છે. રાત્રિનો સમય છે.





હું મારા પરિવાર સાથે રાત્રિભોજન કરું છું.

હું વાર્તાની ચોપડી વાંચું છું અને રાત્રે સૂઈ જાઉં છું.





## ચાલો, ચર્ચા કરીએ !

ક. તમારી દિનચર્યા શી છે ?
ખ. તમે તમારા દાંત ક્યારે સાફ કરો છો ?
ગ. તમે ક્યારે સ્નાન કરો છો ?



## ચાલો, કરીએ !

ક. તમે સવારે જે પ્રવૃત્તિઓ કરો છો તે પ્રવૃત્તિઓ પર ✓ નિશાની કરો.

   

ખ. તમે દિવસ દરમિયાન જે પ્રવૃત્તિઓ કરો છો અથવા જુઓ છો તેના પર ✓ નિશાની કરો.

   

ગ. તમે રાત્રિ  દરમિયાન જે પ્રવૃત્તિઓ કરો છો તેના પર ✓ નિશાની કરો.

   

**ચિત્ર જોઈને દિવસના સમયનું અનુમાન કરો.**
**તમારા મિત્રો સાથે ચર્ચા કરો કે તે સમય દરમિયાન તમે શું કરો છો ?**











## ચાલો, કરીએ !

**જે કામમાં વધારે સમય લાગે છે તેમાં રંગ પૂરો.**

ક.





ખ.





# ઋતુઓ



શિયાળો



ઉનાળો



ચોમાસું

ઉપરોક્ત ચિત્રો જુઓ અને શિયાળો, ઉનાળો તથા ચોમાસાની ઋતુ વચ્ચેના તફાવતની ચર્ચા કરો

**ચિત્રમાં આપેલી વસ્તુઓને યોગ્ય ઋતુ સાથે જોડો.**



**ચોમાસું**

**ઉનાળો**

**શિયાળો**



## ચાલો, આપણે ચર્ચા કરીએ !

ક. ઉનાળાની ઋતુમાં તમને શું ખાવું ગમે છે ?
ખ. શિયાળાની ઋતુમાં તમને શું પહેરવું ગમે છે ?



## ચાલો, કરીએ !

**ઋતુઓનાં નામ લખો અને આપેલ ચિત્રોને ઋતુઓ સાથે જોડો.**





















## પ્રોજેક્ટ કાર્ય

બાળકોને આ ઋતુઓ દરમિયાન ઉજવવામાં આવતા સ્થાનિક તહેવારો દરમિયાન તેમની મનપસંદ ખાદ્યવસ્તુઓનાં ચિત્રો દોરવા અથવા તેમનાં ચિત્રો ચોંટાડવા માટે કહો.



# ૧૧ કેટલી વાર?

## આનંદમેળાની મુલાકાત

બાળકોના એક જૂથે એક આનંદમેળાની મુલાકાત લીધી.






કુલ બાળકો

૨ + ૨ + ૨ +૨ = ☐

આપણામાંથી કુલ ☐ બાળકો હીંચકાના ઘોડા પર બેસી શકીએ છીએ.




રેલગાડીમાં ૩ ડબ્બા છે. ૩ + ૩ + ૩ = ☐

૩ ડબ્બામાં કુલ ☐ બાળકો બેસી શકે છે.




☐ + ☐ + ☐ + ☐ + ☐ = ☐

કુલ ☐ બાળકો હીંચકામાં બેસી શકે છે.

ચકડોળમાં બેઠાં પછી બાળકોએ જલેબી ખાવાનું નક્કી કર્યું. દરેક પાત્રમાં ૩ જલેબીઓ છે. તેમણે જલેબી ૬ પાત્રમાં મંગાવી.



☐ + ☐ + ☐ + ☐ + ☐ + ☐ = ☐

૬ વખત ૩ = ☐

ચિત્રમાં કેટલાં બાળકો છે ? દરેક ડબ્બામાં કેટલાં બાળકો બેઠેલાં છે ? સવારીમાં કુલ કેટલાં બાળકો બેઠેલાં છે? જેવા પ્રશ્નો દ્વારા દરેક પ્રવૃત્તિમાં જૂથની સંખ્યાની ચર્ચા કરો.





**બસમાં કેટલાં બાળકો મુસાફરી કરે છે ?**

૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૨ = ☐

૯ વખત ૨ = ☐

બસમાં કુલ બાળકોની સંખ્યા = ☐

બસમાં પાણીની બાટલીના કેટલાંક ખોખાં રાખવામાં આવ્યાં છે. તેને ગણો.



☐ + ☐ + ☐ + ☐ = ☐

૪ વખત ૫ = ☐

બસમાં કુલ પાણીની બાટલીઓની સંખ્યા = ☐

ચીનુએ દુકાનમાંથી કેટલાંક ભૂંસવાનાં રબર, સીસાપેન અને સફરજનના પેકેટ ખરીદ્યાં. દરેક વસ્તુની કુલ સંખ્યા શોધો.

ક.



૨ + ☐ + ☐ + ☐ = ☐ ભૂંસવાનાં રબર

૪ વખત ૨ = ☐

ભૂંસવાનાં રબરની કુલ સંખ્યા = ☐

ખ.



3 + ☐ + ☐ + ☐ + ☐ = ☐ સીસાપેન

૫ વખત 3 = ☐

સીસાપેનની કુલ સંખ્યા = ☐

ગ.



3 + ☐ + ☐ = ☐ સફરજન

3 વખત 3 = ☐

સફરજનની કુલ સંખ્યા = ☐



## પ્રોજેક્ટ કાર્ય

સાઇકલનું એક પૈડું દોરો. તમારા મિત્રોને પૂછો કે તમારા ઘરે કેટલી સાઇકલ છે ? દરેક સાઇકલમાં બે પૈડાં હોય છે, તો કુલ પૈડાંની સંખ્યા શોધો.



# ૧૨ આપણે કેટલો ખર્ચ કરી શકીએ ?

QRickit

0124CH12



રિયાએ ₹૧, ₹૨, ₹૫, ₹૧૦ના સિક્કાની સંખ્યા ગણવાનું શરૂ કર્યું અને સાહિલે ₹૧૦, ₹૨૦, ₹૫૦ અને ₹૧૦૦ની નોટો ગણવાનું શરૂ કર્યું. નીચે આપેલ આ સિક્કાઓ અને નોટોનું અંકિત મૂલ્ય લખો.

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| ` ૧ | | | |
|  |  |  |  |
| ` ૧૦ | | | |

# રમકડાં વેચનાર રહીમકાકા




## ચાલો, કરીએ !

ક. એક દડા ની કિંમત ₹૨૦ છે.

રિયા દડો ખરીદવા માટે ₹૫ ના__________સિક્કા આપે છે.

સાહિલ દડો ખરીદવા માટે ₹૧૦ની__________ નોટ આપે છે.

ખ. ₹૧૦ માં ખરીદી શકાય તેવાં રમકડાંનાં નામ આપો.

ગ. ₹૨૦ માં ખરીદી શકાય તેવાં રમકડાંનાં નામ આપો.

ઘ. જો કારની કિંમત ₹૧૪ છે અને રિયા પાસે ₹૧૦ છે, તો તેને કાર ખરીદવા માટે હવે કેટલા રૂપિયાની જરૂર પડશે ?

ચ. રિયા અને સાહિલ પાસે મળીને કુલ ₹૩૦ છે. તેઓ જે રમકડાં ખરીદી શકે તેનાં નામ લખો.

કુલ રકમ શોધો અને યોગ્ય વિકલ્પ પર ✓ નિશાની કરો.






## ચાલો, રમીએ !

કાગળના ટુકડાની મદદથી તમારી પોતાની ચલણી નોટો અને સિક્કા બનાવો. વર્ગખંડમાં વેપારની રમત રમો.

કેટલાંક બાળકો દુકાનદાર અને બાકીના ગ્રાહકો બનશે. બાળકો આ નકલી પૈસાનો ઉપયોગ કરીને વસ્તુઓ ખરીદશે. તેમને વિવિધ રીતે પૈસા ચૂકવવા માટે પ્રોત્સાહિત કરો.



આપેલ ચલણનો ઉપયોગ કરીને વિવિધ રીતે રકમ ભરો અથવા દોરો.





`૨૦

`૧૦

`૧૩

`૮

સરખી રકમ સાથે જોડો

ક)

ખ)

ગ)



**પૈસાની બચત કરવી એ સારી ટેવ છે. ચર્ચા કરો.**



## પ્રોજેક્ટ કાર્ય

તમારાં ભાઈ-બહેન અથવા વડીલોની સહાયથી તમારા ઘરે પડેલાં નકામાં ખોખાંથી ગલ્લો બનાવો.



બાળકોને રમતના પૈસાનો ઉપયોગ કરીને આપેલ રકમ માટે વિવિધ રીતે બનાવવા માટે કહો.





# ૧૩ રમકડાં જ રમકડાં

## ચિત્ર તરફ જુઓ અને જુદાં જુદાં રમકડાંની સંખ્યા શોધો.




હાથી ☐ રીંછ ☐

ગાડી ☐ ઢીંગલી ☐

**વધારે/ઓછી/બરાબર શબ્દનો ઉપયોગ કરી નીચેની ખાલી જગ્યાઓ પૂરો.**

ક. ઢીંગલી ની સંખ્યા ગાડી ની સંખ્યા કરતાં _____ છે.

ખ. હાથી ની સંખ્યા ઢીંગલી ની સંખ્યા કરતાં _____ છે

ગ. રીંછ ની સંખ્યા હાથી ની સંખ્યા કરતાં _____ છે.

ઘ. ગાડી ની સંખ્યા રીંછ ની સંખ્યા કરતાં _____ છે.

## રંગબેરંગી ફૂલો

બગીચામાં જોવા મળતાં સૌથી વધુ ફૂલોના રંગોનાં નામ કહો.

## રંગબેરંગી ફૂલોનું ચિત્ર જુઓ અને ફૂલોની સંખ્યા લખો.

વાદળી ફૂલ   નારંગી ફૂલ 

લાલ ફૂલ   જાંબલી ફૂલ 

ક. જે ફૂલોની સંખ્યા સૌથી ઓછી હોય તેના રંગનું નામ લખો.

ખ. જે ફૂલોની સંખ્યા સૌથી વધુ હોય તેના રંગનું નામ લખો.

## સાચું કે ખોટું

ક. વાદળી ફૂલો  કરતાં લાલ ફૂલો  ની સંખ્યા વધારે છે.

ખ જાંબલી ફૂલો  કરતાં નારંગી ફૂલો  ની સંખ્યા ઓછી છે.



## પ્રોજેક્ટ કાર્ય

ક. રંગબેરંગી ફૂલોની કિનારીવાળું એક કાર્ડ બનાવો.

ખ. તમારા વર્ગમાં જાણો કે કેટલાં બાળકોના નામમાં ૩ અક્ષર છે, કેટલા બાળકોના નામમાં ૪ અક્ષર છે અને કેટલાં બાળકોનાં નામ ૪ થી વધારે અક્ષરનાં છે.



# કોયડાઓ

ક. કોમલે નીચેનાં ચિત્રમાં સંખ્યાકાર્ડ ગોઠવ્યાં છે અને સુનીતાએ બતાવ્યા પ્રમાણે તેને વાટકાથી છુપાવેલાં છે. શું તમે તે સંખ્યાઓને ઓળખી શકો છો ?



તમે તમારા હાથનો ઉપયોગ કરીને સંખ્યાકાર્ડ પર સંખ્યાઓ છુપાવી શકો છો અને તમારા મિત્રો સાથે આ રમત રમી શકો છો.

ખ. લાકડાંની સંખ્યા ગણો અને કહો - શું તે ૩ છે કે ૪ ?




ગ. ઝરીનાએ નીચે પ્રમાણે પ્યાલા ગોઠવ્યા છે. તમે પણ આગળ આ રીતે વધારવામાં તેની મદદ કરો.



_______________ _______________

ઘ. ૧ થી ૧૦ સુધીની સંખ્યાઓ શોધો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મ | સ | ર | ત્ર | ણ | ચા | જ |
| ચા | પા | સા | ત | આ | રા | બે |
| ર | ગ | જ | સો | બુ | ઠા | કે |
| વા | દ | પ | એ | ક | દ | સ |
| ની | આ | ત્ર | ન | પાં | ચ | ત |
| એ | ઠ | સા | છ | વા | ર | ત્ર |
| જા | ન | વ | ણ | સ | ચા | બ |



ચ. આપેલ દડામાં ૧ થી ૫ સુધીની સંખ્યાઓ એવી રીતે લખો કે જેથી બંને બાજુનો સરવાળો સમાન રહે.



છ. ગિલ્લુની મનપસંદ સંખ્યા ૮ છે. જો પૂછાયેલા પ્રશ્નોનો ઉત્તર ૮ હોય તો તે ખુશ થઈ જાય છે અને જો ના હોય તો દુ:ખી થઈ જાય છે.

ગિલ્લુને કેટલાંક પ્રશ્નો પૂછો, જેનો જવાબ ફક્ત ૮ છે.

જ  ને ખાનાંમાં એવી રીતે દોરો કે કોઈ પણ આકૃતિ પ્રત્યેક હરોળ અને પ્રત્યેક સ્તંભમાં માત્ર એક જ વાર આવે.








ઝ. ૪ જુદી જુદી વસ્તુઓ (દરેક વસ્તુ ૪ હોવી જોઈએ) - જેમ કે ૪ બટન, ૪ કાંકરા, ૪ બીજ, ૪ માટીના દડા વગેરે લો. હવે તેમને આપેલાં ખાનાંમાં એવી રીતે મૂકો કે દરેક વસ્તુ એક હરોળમાં (આડી) અને સ્તંભમાં (ઊભી) માત્ર એક જ વાર આવે.






શું તમે તેને કેટલીક અન્ય રીતે ભરી શકો છો ?

ટ. હું કોણ છું ? (અરીસો તમને મદદ કરી શકે છે.)





ઠ. હું કોણ છું ?

૧. હું ૫ અને ૧૦ વચ્ચેની સંખ્યા છું. મારી જમણી બાજુએ અરીસો મૂકી, અરીસામાં વાંચો, તો હું ચાર વર્ષ નાનો થઈ જાઉં છું.

૨. હું ૮ થી ૩ વધારે અને ૧૪ થી ૩ ઓછો છું.

૩. હું ૫૦ પછીની અને ૫૪ પહેલાંની સંખ્યા છું અને મારા અંકોનો સરવાળો ૭ થાય છે.

૪. હું ૪૦ની તરત પહેલાંની સંખ્યા છું.

૫. મારામાં ૫ ઉમેરશો તો ૨૪ થશે.

૬. હું ૩૫ની તરત પછીની સંખ્યા છું.

૭. મારામાંથી ૮ બાદ કરશો, તો ૧૪ બાકી રહેશે.

ડ. શૂન્ય બનાવવા માટે છ દીવાસળીનો ઉપયોગ કરવામાં આવે છે. શું તમે બે જ દીવાસળીને ખસેડીને કોઈ બીજી સંખ્યા બનાવી શકો છો ?



ઢ. ખૂટતા ટુકડાને શોધી કાઢો અને ઘડાને પૂર્ણ કરો.



ણ. ૨૫ માંથી તમે ૫ ને કેટલી વખત બાદ કરી શકો ?

ત. વિશાલ પાસે ૩ બીજ છે. તે નીચે આપેલા ચાર્ટમાં કોઈ પણ ૩ જગ્યાએ એવી રીતે મૂકવા માંગે છે કે તે સંખ્યાઓનો સરવાળો ૧૭ થાય. શું તમે વિશાલને સંખ્યાઓ શોધવામાં મદદ કરી શકો છો ?

| | | | |
|---|---|---|---|
| ૪ | ૯ | ૬ | ૭ |
| ૧૬ | ૦ | ૮ | ૫ |
| ૧૫ | ૧૩ | ૧ | ૨ |
| ૧૭ | ૧૦ | ૩ | ૧૨ |

તમે તે કેટલી રીતે કર્યું ?

જો તમારી પાસે ૨ બીજ છે, તો તમે તેને કઈ સંખ્યાઓ પર મૂકશો જેથી તેનો સરવાળો ૧૭ થાય ?

થ. ચિત્રના પડછાયાને ફરતે ગોળ કરો.





દ. નીચે આપેલાં કાર્ડમાં ૫ થી ૯ સુધીની સંખ્યા એવી રીતે લખો કે જેથી હરોળ અને સ્તંભનો સરવાળો એકસરખો હોય.








ધ. સરવાળા કે બાદબાકી કરીને વચ્ચેની સંખ્યા મેળવવાનો પ્રયાસ કરો.




ન. ◯માં સાચી સંખ્યા લખો





૫. સરિતા પાસે અલગ-અલગ મૂલ્યના ચાર સિક્કા છે.



કુલ `૪૯ ખર્ચવા માટે ઓછામાં ઓછા કેટલા સિક્કાનો ઉપયોગ થશે ?

ફ. નારંગી  ની કિંમત શોધો.




બ. ચાલો, આપણે દડાની રમત રમીએ.




૧. ૩ દડાને એવી રીતે પસંદ કરો કે તેનો સરવાળો ૧૫ થાય.

૨. ૩ દડાને એવી રીતે પસંદ કરો કે તેમનો સરવાળો મોટામાં મોટી સંખ્યા થાય.

૩. ૩ દડાને એવી રીતે પસંદ કરો કે તેમનો સરવાળો નાનામાં નાની સંખ્યા થાય.

# નોંધ

# નોંધ